श्रीमदाचार्य गोस्वामि श्री १०८ विठ्ठलनाथजी

महाराज (श्रीगुँसांइजी) विरचित-

# श्रीअष्टाक्षर निरुपणम्.

भाषान्तर कर्त्ता

शुक्लोपाह्व शास्त्री वल्लभराम त्रि. मगनलाल शर्म्मा,

श्रीनाथद्वारा ( मेवाड ).

संवत् १९६९, श्रीमद्वल्लभाब्दा ४३५

चतुर्थावृत्ति. प्रत १०००.

[ સુધારા વધારા સાથે ]

प्रकाशक—वैष्णव हरिदास झवेरदास.

खाडीआ, जेठाभाइनी पोळ, अमदावाद

અમદાવાદ

ધી "ગુજરાત" પ્રીન્ટિંગ પ્રેસમાં શાહ સોમાલાલ મગનદાસે છાપ્યું

न्योछावर ०-२-०

# સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧ જગત્ સત્ય છે.

૨ જગત્, જીવ, અન્તર્યામી, અક્ષર ઇત્યાદિના નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ કૃષ્ણ પરમાત્માજ છે

૩ જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે

૪ જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી

૫ પરબ્રહ્મ પુરુષોત્તમ કૃષ્ણનુ ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે

૬ સર્વોપરિ વેદાદિશાસ્ત્રે પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણજ છે.

૭ કૃષ્ણની સેવા એજ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુત સ્વધર્મ કૃષ્ણસેવા જ છે.

## નિવેદન.

અત્યન્ત પ્રસન્નતાની વાત છે કે થોડાજ સમયમા આ પુસ્તકની ચોથી આવૃત્તિ પ્રકાશિત કરવાના શુભાવસર પ્રાપ્ત થયો છે આ પુસ્તકના વધારે પ્રચાર માટે શાસ્ત્રી વલ્લભદાસભાઇ અને શાસ્ત્રી જયેષ્ઠારામભાઇની મળેલી અનુમતિ માટે ઉપકાર માનુછુ વળી પ્રથમની આવૃત્તિમા જે વિષયો હતા તે કરતા આ આવૃત્તિમા શાસ્ત્રી માધવજીભાઇનુ રચેલુ અષ્ટાક્ષરાર્થ વિવરણ પણ તેમની અનુમતિથી આપ્યુ છે આ છેલ્લી આવૃત્તિનું સંશોધન પણ તેમણે કરી આપ્યુ છે જેને માટે તેમનો પણ ઉપકાર માનવામા આવે છે

તા ૧—૫—૧૩.

હરિદાસ ઝવેરદાસ વૈષ્ણવ.

गूजरात विद्यापीठ ग्रंथालय

(गुजराती सार्वजनिक विभाग)

अनुक्रमांक ૪૬૧૨ वर्गांक

पुस्तकनुं नाम અધ્યાહાર નિરૂપણમ્

विषय [illegible]

श्रीमदाचार्य गोस्वामि श्री १०८ विठ्ठलनाथजी

महाराज (श्रीगुंसांईजी) विरचित-

# श्रीअष्टाक्षर निरुपणम्.

भाषान्तर कर्त्ता

शुक्लोपाह्व शास्त्री वल्लभराम वि. मगनलाल शर्म्मा,

श्रीनाथद्वारा ( मेवाड )

संवत् १९६९, श्रीमद्वल्लभाब्द ४३५

चतुर्थावृत्ति. प्रत १०००.

प्रकाशक—वैष्णव हरिदास झवेरदास.

खाडीआ, जेठाभाइनी पोळ, अमदावाद.

नोछावर ०-२-०.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
૪૬૧૨
...વાદ
ગુજરાતી કૉપી...

॥ श्रीकृष्णाय नमः ॥

# ॥ संमति पत्रम् ॥

**પ્રિય વૈષ્ણવ બંધુઓ!**

આ વર્તમાનકાળમા યદિ આપણે કિંચિત સમય ચિત્ત સ્થિર કરી વિચાર કરીશું તો સહુજજ માલમ પડશે કે પ્રાચીન આપણા પૂર્વજો કરતાં આપણે સ્વધર્મ જ્ઞાનથી કેટલે ભાગે દુર્બળ અને રહીત થયેલા છીએ. ચાલુ જમાનામા ઘણા કુતર્ક વાદીઓ અસત્યાડમ્બરી ધૂર્તો અનેક પ્રકારના અનર્થાવેષ્ટિત કલ્પિત પુસ્તકોદ્વારા ધર્મ ખડનરૂપી કાર્યમા દિનપ્રતિદિન વિજયતા પ્રાપ્ત કરવા ઉદ્યોગ કર્યા કરે છે. અને તેમના થતા ઉદ્યોગથી આપણા કેટલાએક ભોળા અને અજ્ઞાની ધર્મિષ્ઠ કહેવાતા મનુષ્યો પણ ધર્મ કાર્યમા ચિત્ત સ્થિરતા છોડી દઇ અનેક પ્રકારના ભ્રમો કરવા લાગ્યા છે. માત્ર આ સર્વનુ કારણ વિચાર કરી જોવાથી આપણામાં રહેલી ધર્મ સબધી અજ્ઞાનતાજ માલમ પડે છે, અને તેથી તેને નાશ કરવા અવશ્ય કોઇપણ પ્રકારનો ઉદ્યોગ કરવોજ જોઇએ કે જેથી આપણે સ્વયં સ્વધર્મ જ્ઞાનથી જાણીતા થઈ એવા ધૂર્તજનોની મિથ્યા વાણીરૂપ જાળમા ફસાઈ ન જઈ સ્વધર્મચ્યુત થવાના શાસ્ત્રમાં દર્શાવેલા દોષોના ભાગી થતા અટકીયે.

આપણા પરમકૃપાલુ મહાન્ પૂર્વાચાર્યોએ ધર્મજ્ઞાન પ્રબોધાર્થ અનેક પ્રકારના નાના મોટા ગ્રથો વેદ, વેદાંગ, ઉપનિષદ્, પુરાણ, મહાભારતાદિ શાસ્ત્રોદ્વારા સગ્રહ કરી રચેલા છે, તેમજ આધુનિક સમયમા છાપખાનાની વિશેષતા હોવાથી તે ગ્રથો પ્રાપ્ત થવા પણ સુલભ થયેલા છે કે જે ગ્રથોદ્વારા આપણને પૂર્ણ રીતે જ્ઞાન પ્રાપ્ત થઇ શકે. પરન્તુ આજના જમાનામા ઘણે ભાગે સસ્કૃત વિદ્યાનો પ્રચાર થોડો હોવાને લીધે તે ગ્રથો વાચવામા તેમજ સમજવામા અશક્ય થઈ પડવાથી તેઓનો ઉપયોગ સામાન્ય રીતે હરેક કોઈ કરી શકતા નથી. અને તેથીજ પરમકૃપાલુ આચાર્યવર્યો દ્વારા તથા સારા વિદ્વાનોદ્વારા ઘણા ગ્રથોના ભાષાન્તર પણ કરવામા આવ્યા છે. તેમજ નિત્ય પ્રતિ નવીન ગ્રથોના થતા પણ જાય છે કે જે દ્વારા મહાન્ પૂર્વાચાર્યોના ગ્રથોનુ જ્ઞાન આધુનિક સમયના મનુષ્યોને પ્રાપ્ત થઇ શકે.

ઉપરોક્ત વિષય ધ્યાનમાં લેઈ અમારા પરમ સ્નેહી **વિદ્વદ્વર્ય, વે૦ શા૦ સં૦ માતર નિવાસી શુકલ વલ્લભ-રામ શાસ્ત્રીજીએ** મહાન્ પરિશ્રમ લેઈ “**શ્રીઅષ્ટાક્ષર નિરૂપણ**” નામનો સંસ્કૃતમા શ્રીમત્પરમકૃપાલુ ગોસ્વામિ શ્રીવિઠ્ઠલનાથજીનો રચેલો ગ્રંથ છે તેનું ભાષાન્તર તૈયાર કરેલું છે. એટલુંજ નહિ પણ તદ્ ઉપરાત આ ગ્રથમા ઉપોદ્ઘાત, ઉપસહાર રૂપમા તથા ઉચિત સ્થાનપર ટીપ્પણ

રૂપમા-શ્રીવૈષ્ણવ દીક્ષાની આવશ્યક્તા, વૈષ્ણવાચાર્ય દ્વારાજ મંત્રગ્રહણ, અવૈષ્ણવથી તેનો નિષેધ, મંત્રગ્રહણ ફલ, વૈષ્ણવાચાર્ય દ્વારાજ મંત્રગ્રહણ કરવાથી શ્રીપ્રભુસેવા પ્રભૃતિ સત્કાર્યમા અધિકાર, વૈષ્ણવતાના અભાવથી સત્કાર્યમા અનધિકાર, અવૈષ્ણવ નિષેધ, સદ્ગુરૂ લક્ષણ, અને **અષ્ટાક્ષર મંત્રનુ વૈદિકત્વ** પ્રભૃતિ વિષયો ટુંકામા ઘણીજ ઉત્તમ રીતે વર્ણન કરેલા છે. અષ્ટાક્ષર મંત્ર એજ પ્રથમ મૂલ છે અને તે મંત્રનું આ ગ્રંથમા શ્રીઆચાર્ય ચરણના ગ્રંથાનુસાર અક્ષરેઅક્ષરના અર્થોનુ માહાત્મ્ય વર્ણન કરવામા આવેલું છે માટે આશા છે કે-સર્વે સદ્ધર્માભિમાની સદ્ગૃહસ્થ વૈષ્ણવ બંધુઓ આ પુસ્તકને ગ્રહણ કરી કર્ત્તાના પ્રયાસને સહાયતા કરી સફલ કરશે, અને તે દ્વારા પોતાના મૂલ મંત્ર ( શરણમંત્ર ) "**શ્રીઅષ્ટાક્ષર**" સંબંધી માહાત્મ્ય જ્ઞાનથી જાણીતા થઇ અન્ય કુતર્ક વાદીઓના અનેક પ્રકારના અસત્ય લેખોથી થયેલા ભ્રમને નિવૃત્ત કરશે. અને પ્રેસ દોષથી અગર નેત્ર ભ્રમથી આ ગ્રંથમા રહેલ અશુદ્ધિ તરફ લક્ષ નહિ આપતા "**हंसो यथा क्षीरमिवाम्बुमध्यात्**" હંસ જેમ જલમાથી દૂધ ગ્રહણ કરે છે તેમ આ ગ્રંથમાથી સાર ગ્રહણ કરવા સુજ્ઞ જનોને વિનંતી છે. ॥ **इति शम्** ॥

સર્વ સજ્જન કૃપાભિલાષી,

**શાસ્ત્રી જયેષ્ઠારામ હરજીવન જોષી.**

**અધ્યાપક-પુષ્ટિમાર્ગીય સંસ્કૃત પાઠશાલા-પાટણ. (ગુજરાત)**

॥ श्रीहरिः ॥

श्रीकृष्णाय नमः ॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

# ॥ उपोद्‌घात. ॥

अनन्तकंदर्प कलाविलासं, किशोरचन्द्रं रसिकेन्दुशेखरम् ।
श्यामं महा सुंदरताभिधानं, श्रीकृष्णचन्द्रं शरणं गतोऽस्मि ॥

**પ્રિય ભગદીય સજ્જનો,**

સ્વસપ્રદાયમા પ્રથમ **શ્રીઅષ્ટાક્ષરમંત્રની** દીક્ષા આપવામા આવે છે અને એજ સર્વોપરિ આ કલિકાલમા છે; કારણકે શ્રીપ્રભુના સ્મરણ શિવાય અન્ય સરલ માર્ગ કોઇપણ છે નહિ કે જેથી આ ભવાબ્ધિને તરી શકાય. તપ, યજ્ઞ, પ્રભૃતિ સાધનો કલિના પ્રભાવથી હિનપ્રાય થઇ ગયેલા છે. શ્રીમદ્ ભાગવતાદિના **"कलौ केशवकीर्तनात्"** ઇત્યાદિ મહાવાકયોથી એજ સૂચવન કરેલું છે કે, કલિયુગમા શ્રીપ્રભુનુ સ્મરણ કીર્ત્તન એજ અત્યુત્તમ અને શ્રી પ્રભુચરણ પ્રાપ્તિરૂપ મોક્ષનુ સાધન છે. વળી **શ્રીઅષ્ટાક્ષર મંત્ર** એ શ્રીપ્રભુનું શરણાત્મક નામ સ્મરણ છે, અને તેમા શ્રીપ્રભુ ( કૃષ્ણ ) નો શરણત્વ ઉદ્દેશ બતાવેલો છે. શાસ્ત્રોમા પણ શ્રીપ્રભુને શરણ જવું એજ સર્વોપરિ બતાવેલું છે. શ્રીગોપાલ તાપનીય ઉપનિષદ્‌મા પણ કહેલું છે કેઃ—

**यो ब्रह्माणं विदधाति पूर्वं यो विद्यास्तस्मै गोपायति कृष्णः ।**
**यस्तं देवमात्मवृत्तिप्रकाशं मुमुक्षुर्वै शरणमनुव्रजेत् ॥**

અર્થઃ—જે શ્રીકૃષ્ણ બ્રહ્માને ઉત્પન્ન કરે છે, તેને વિદ્યાનું દાન કરે છે, જેશ્રીકૃષ્ણ રક્ષણ કરે છે, આત્મવૃત્તિના પ્રકાશ કરનાર એવા જે તે દેવ શ્રીકૃષ્ણ તેને મુમુક્ષુ શરણ જાય એવી રીતે શ્રીકૃષ્ણને શરણ જવાનું બતાવેલું છે. શ્રીમદ્ભગવદ્ગીતામા પણ અધ્યાય સાતમાના શ્લોક ૧૪ મામાં બતાવેલું છે કેઃ—

**दैवीह्येषागुणमयी मम माया दुरत्यया ।**
**मामेव ये प्रपद्यंते मायामेतां तरन्ति ते ॥**

અર્થઃ—શ્રીપ્રભુ (કૃષ્ણ) પોતે આજ્ઞા કરે છે કે મારી માયા દુરત્યય છે. જે લોકો મારેજ શરણ આવે છે તેજ મારી માયાને તરી શકે છે. ઉપર પ્રમાણેના વાકયોથી પણ શ્રીપ્રભુને શરણ જવુ એજ ઉત્તમ અને શાસ્ત્ર સિદ્ધાંત તેમજ પ્રભુનો સમત પણ માલમ પડે છે. શ્રીમદ્ભાગવત્ એકાદશ સ્કંધના પાંચમાઅધ્યાયમા શ્લોક ૪૧ મામાં પણ કહેલું છેઃ—

**देवर्षिभूताप्तनृणां पितॄणां न किङ्करोनायमृणीच राजन् ।**
**सर्वात्मना यः शरणं शरण्यं गतो मुकुन्दं परिहृत्यकर्त्तमिति ॥**

જે શ્રીમુકુંદ ભગવાનને સર્વ પ્રકારથી શરણ ગયેલો છે.

તે દેવતા, ઋષિ, મનુષ્ય, પિતૃલોક, આપ્ત, પ્રભૃતિ કોઇનો પણ કિંકર અથવા ઋણી નથી અર્થાત્ શ્રીપ્રભુને શરણ ગયેલાએ સર્વ કર્મ પૂર્ણ કર્યાં સમજવા, તેનું કોઈ પણ કર્મ બાકી રહેતું નથી. આ શ્લોક ઉપરથી પણ શ્રીપ્રભુને શરણ જવુંજ અને શરણતાનીજ ઉત્તમતા પ્રત્યક્ષ થાય છે. આવા અનેક શાસ્ત્ર પ્રમાણોથી શ્રીપ્રભુને શરણ જવું એજ સર્વોત્તમ છે. અને તેથી શ્રીપ્રભુને શરણ જવા માટે **શ્રી-અષ્ટાક્ષર મહામંત્રની** શ્રીપ્રભુની શરણત્વ દીક્ષા, કે જે શાસ્ત્ર સંમત છે, તે શા માટે ન લેવી જોઇએ ? અવશ્ય આવા મહામંત્રની દીક્ષા પ્રાપ્ત થવીજ જોઇએ, કારણ કે મંત્રની દીક્ષા વિના ધર્મ સંબંધી કોઇપણ કાર્ય થઇ શકતું નથી પાદ્મોત્તરખંડમાં કહેલું છે કેઃ—

अदीक्षितस्य वामोरु कृतं सर्वमनर्थकम् ।
पशुयोनिमवाप्नोति दीक्षाहीनो नरो मृतः ॥
विनाश्रीवैष्णवीं दीक्षां प्रसादं सद्गुरोर्विना ।
विनाश्रीवैष्णवं धर्मं कथं भागवतो भवेत् ॥

દીક્ષા વિનાના મનુષ્યનું કરેલું સર્વ કર્મ નિરર્થક થાય છે. દીક્ષાહીન મનુષ્ય મરણ પામવાથી તેને પશુયોનિ પ્રાપ્ત થાય છે. શ્રીવૈષ્ણવી દીક્ષા વિના તેમજ સદ્ગુરૂના પ્રસાદ વિના તથા શ્રીવૈષ્ણવધર્મ વિના ( તે મનુષ્ય ) ભગવદીય ( શ્રી

પ્રભુનો ભક્ત ) પણ શી રીતે થઇ શકે ? અર્થાત્ શ્રીપ્રભુના ભક્ત થવામા ઉપર પ્રમાણે દીક્ષાની આવશ્યકતા છે; અને તે વૈષ્ણુવ મત્રની દીક્ષા, સદ્ગુરૂ દ્વારાજ પ્રાપ્ત થવી જોઇએ તેમજ વૈષ્ણુવ ધર્મનું સેવન પણ કરવુંજ જોઇએ. આ ત્રણ સાધનોથીજ પ્રભુભક્તિ સિદ્ધ થાય છે. મત્રસસારમાં પણ કહ્યું છે કેઃ—

दीक्षिताय विशेषेण प्रसीदेन्नान्यथा हरिः ।
ब्राह्मणः क्षत्रियो वापि वैश्यः शूद्रोऽथवा पुनः ॥
एवं स्त्रीयो वा यत्नेन गुरुमेव समाश्रयेत् ॥

વિશેષે કરીને શ્રીપ્રભુ પણ જેણે મત્રદીક્ષા શ્રીગુરૂદ્વારા પ્રાપ્ત કરી છે તેવા ઉપરજ પ્રસન્ન થાય છે. અન્ય કોઇ પ્રકારથી કોઇના ઉપર પ્રસન્ન થતા નથી. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અથવા શૂદ્ર તેમજ સ્ત્રીઓએ યત્ન કરીને શ્રીગુરૂનો આશ્રય લેવો જોઇએ. અર્થાત્ દરેકે શ્રીગુરૂનો આશ્રય લઇ શ્રીગુરૂદ્વારા મત્ર ગ્રહણ કરી દીક્ષાવાળા થવુ જોઇએ કે જેથી શ્રીપ્રભુ પ્રસન્ન થાય. તત્વસારમા પણ કહેલું છે કેઃ—

अवश्यं वैष्णवीं दीक्षां विशेत्सर्वप्रयत्नतः ।
दीक्षिताय विशेषण संसिद्धिर्नात्र संशयः ॥

સર્વ પ્રકારના પ્રયત્નથી પણ શ્રીવૈષ્ણુવી દીક્ષા અવશ્ય પ્રાપ્ત કરવી જોઇએ દીક્ષાવાળાનેજ વિશેષે કરી સિદ્ધિ પ્રાપ્ત થાય

છે. એમાં કોઇપણ પ્રકારનો સન્દેહ નથી. માટે મન્ત્રદીક્ષા અવશ્ય પ્રાપ્ત થવી જોઇએ. મન્ત્રદીક્ષામા યદિ કોઈ શકા કરે કે મન્ત્રદીક્ષા હરકોઇ મન્ત્રની પ્રાપ્તિ કરવાથી બસ છે, શ્રીઅષ્ટાક્ષરજ પ્રાપ્ત કરવાનો હેતુ શો છે, પરન્તુ ત્યા પણ વિચાર કરવાનો છે કે, ઉપરના શ્લોકોથી એતો પ્રત્યક્ષજ છે કે દીક્ષા વૈષ્ણવી પ્રાપ્ત થવી જોઇએ, અને તે સદ્ગુરૂ અર્થાત્ આચાર્યોદ્વારાજ પ્રાપ્ત થવી જોઇએ. યદિ કોઈ પુનઃ શંકા કરે કે વૈષ્ણવ મન્ત્રો પણ અનેક છે તેમાથી હરકોઇ મંત્રની દીક્ષા લેવામાં આવે તો હાની શી? શા માટે અષ્ટાક્ષરનીજ લેવી જોઇએ? તેના પ્રત્યુત્તરમાં એ છે કે, સમ્પ્રદાય પુરસ્સરજ મન્ત્રદીક્ષા લેવી આવશ્યક છે કારણ કે સાંપ્રદાયિક મન્ત્રોથીજ ધર્મ, અર્થ, કામ, મોક્ષ, વિગેરે પ્રાપ્ત થાય છે ગૌતમ તન્ત્રના ૨૯ મા અધ્યાયના પાચમા શ્લોકમા કહ્યું છે કેઃ—

धर्मार्थकाममोक्षाणामालयः सांप्रदायिकः ।
संप्रदायविहीना ये मंत्रास्ते निष्फला मताः ॥

અર્થઃ—સાંપ્રાદાયિક મન્ત્ર, ધર્મ, અર્થ, કામ, અને મોક્ષનુ સ્થાન છે. સમ્પ્રદાયથી વિહીન જે મન્ત્રો છે તે નિષ્ફલ માનેલા છે. માટે સમ્પ્રદાય પુરસ્સરજ શ્રીગુરૂદ્વારા મન્ત્રની દીક્ષાજ લેવી જોઇએ અને તે દ્વારા શ્રીપ્રભુ સ્મરણ સેવા વિગેરે કરતા રહેવું કે જેથી શ્રીપ્રભુ

પ્રસન્ન થાય, કારણ કે સંપ્રદાયપૂર્વક મંત્રની દીક્ષા પ્રાપ્ત થયા વિના શ્રીપ્રભુસેવા સ્મરણનો પણ અધિકાર પ્રાપ્ત થતો નથી. શ્રીગૌતમતંત્રપંચમાધ્યાયમાં તેને માટે નીચે પ્રમાણે લખેલું છેઃ--

**दीक्षायां चाधिकारित्वं प्राप्नोति गुरुसेवकः ।**
**द्विजानामनुपेतानां स्वकर्माध्ययनादिषु ॥ २ ॥**
**यथाधिकारो नास्तीह संध्योपासनकर्मसु ।**
**तथाऽदीक्षितानां तु मंत्रदेवार्चनादिषु ॥ ३ ॥**
**नाधिकारोऽस्त्यतः कुर्यादात्मानं शिवसंस्कृतं ।**
**अतएव हि दीक्षार्थं सर्वज्ञं गुरुमाश्रयेत् ॥ ४ ॥**

અર્થઃ—દીક્ષામાં ગુરૂસેવક સંબંધથી અધિકાર છે. દ્વિજને યજ્ઞોપવિત સંસ્કાર વિના પોતાના સંધ્યોપાસનાધ્યયનાદિ કાર્યમાં જેવી રીતે અધિકાર પ્રાપ્ત થતો નથી, તેવી રીતે મંત્રદીક્ષા વિના મંત્રાદિકમાં તેમજ દેવાર્ચન (શ્રીપ્રભુસેવા) ઇત્યાદિકમાં અધિકાર પ્રાપ્ત થતો નથી. અને તેથી કરીને પોતાના આત્માને કલ્યાણ (મંગલ) રૂપ અને સંસ્કારયુક્ત કરવો જોઇએ; અને તેને માટે દીક્ષા પ્રાપ્ત કરવા સર્વજ્ઞ શ્રીગુરૂનો આશ્રય કરવો.

ઉપર પ્રમાણે શ્રીપ્રભુસેવા સંબંધી અધિકાર પ્રાપ્ત કરવા જરૂર દીક્ષા પ્રાપ્ત કરવી, કારણકે, શ્રીપ્રભુસેવા એજ

ભક્તિનુ સાધન છે. શ્રી ગરૂડપુરાણુ વિષ્ણુભક્તિ અધ્યાયમાં લખેલું છે કેઃ—

भजइत्येष वै धातुः सेवायां परिकीर्त्तितः ।

तस्मात्सेवा बुधैः प्रोक्ता भक्तिः साधनभूयसीति वचनात् ॥

ભજ એ ધાતુ સેવા રૂપમાં બતાવેલો છે, અને તેથી બુદ્ધિમાન્ મનુષ્યોએ સેવા એજ ઉત્તમ ભક્તિ સાધવ કથન કરેલું છે. ઇત્યાદિ અર્થાત્ શ્રીપ્રભુની સેવાથીજ ભક્તિ સિદ્ધ થાય છે. અને ભક્તિદ્વારજ શ્રીપ્રભુ પ્રસન્ન થાય છે. શ્રીમદ્ભાગવતાદિમાં રહેલું છે કેઃ—

भक्त्यैवतुष्टिमभ्येति विष्णुर्नान्येन केनचित् ।

प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनं ॥

भक्त्या तुतोष भगवान् गजयूथपाय ॥ इत्यादि.

ભક્તિથીજ વિષ્ણુ પ્રસન્ન થાય છે. અન્ય કોઇ પણુ સાધનથી પ્રસન્ન થતા નથી. શુદ્ધ ભક્તિથીજ પ્રસન્ન થાય છે અન્ય સર્વે વિટમ્બના છે. ભક્તિથીજ પ્રભુ ગજયૂથપ ( ગજરાજ ) ઉપર પણુ પ્રસન્ન થયા હતા. શ્રીમદ્ભગવદ્ગીતામાં પણુ કહ્યું છે કેઃ—

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।

श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥

જે મારા કહેલા ઉત્તમ અમૃતવત્ આ ધર્મોનું શ્રદ્ધાથી

પાલન ( સેવન ) કરે છે, તે મારા પરમ ભક્તો મને પ્રિય છે. અર્થાત્ શ્રીમદ્ભગવદ્ગીતામા કહેલા શ્રીપ્રભુ સંબધી ભક્તિયુક્ત ઉત્તમ ધર્મોનું આચરણ કરનારા તે શ્રીપ્રભુના ભક્તોજ પ્રભુને પ્રિય છે. પ્રભુએ પોતાને પ્રાપ્ત કરવાનું સાધન પણ " भक्त्याऽहमेकया ग्राह्यः " ભક્તિ એકલીજ બતાવેલી છે. વળી શ્રીમદ્ભગવદ્ગીતામા નીચે પ્રમાણે કહ્યું છે કેઃ—

मां चयोऽव्यभिचारेण भक्तियोगेन सेवते।
सगुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥

અવ્યભિચાર ભક્તિયોગથી જે મારૂ સેવન કરે છે તે સર્વ ગુણોથી અતીત દશામા પ્રાપ્ત થઈ બ્રહ્મભૂય થાય છે અર્થાત્ સર્વ પ્રાકૃત ગુણોથી રહિત થઈ સર્વત્ર બ્રહ્મમયત્વ ઉત્તમ દશાને પ્રાપ્ત થાય છે તેમજ શ્રીમદ્ભગવદ્ગીતાના દ્વાદશા ધ્યાયમા પણ શ્રીપ્રભુએ કહેલુ છે કે—

तेषामहं समुद्धर्त्ता मृत्युसंसारसागरात्।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥

મારામા જેઓનુ ચિત્ત આવેશિત છે તેમનો હુ મૃત્યુરૂપી સસાર સાગરમાથી ઉદ્ધાર કરનારો થઉ છુ અર્થાત્ મારામા જેઓનું ભક્તિદ્વારા અનન્યપણાથી ચિત્ત લાગેલું છે, એવા મારા પ્રિય ભક્તોને સંસાર સાગરનો કોઈ પ્રકારનો ભય

નથી કારણ કે તેમનો હુ ઉદ્ધાર કરૂ છુ આવા ઉપર પ્રમાણેના અનેક વાકયોથી ભક્તિની ઉત્તમતા અને તેનાથીજ શ્રીપ્રભુ પ્રાપ્તિ વર્ણન કરેલી છે. ભક્તિ પ્રાપ્ત થવાનુ સાધન ઉપર પ્રમાણે ( ભક્તિ સાધન ) સેવા બતાવેલી છે. અને તે શ્રીગુરૂદ્વારા મત્ર પ્રાપ્તિથીજ થઈ શકે છે. અર્થાત્ શ્રીગુરૂદ્વારા પ્રાપ્ત શ્રીપ્રભુમત્ર એજ શ્રીપ્રભુ પ્રાપ્તિનુ સાધન છે અને તેથીજ સર્વ મનુષ્યોને તે ગ્રહણ કરવો જરૂરનો છે.

સ્વસપ્રદાયમા પણ સર્વથી પ્રથમ શ્રીપ્રભુ સબધી આ અષ્ટાક્ષર શરણ મત્રની દીક્ષા આપવામા આવે છે તેનુ કારણ આજ છે. શ્રીઆચાર્યચરણ પરમકૃપાળુ પોતે કૃપા કરીને પ્રથમથીજ ઉત્તમ સાધન કે જે દ્વારા સર્વ કર્મમાં અધિકાર પ્રાપ્ત થાય અને શ્રીપ્રભુપ્રાપ્તિં પણ સહજમાં થઇ શકે તેવું સ્વકીયોપરિ ઉદારતા દર્શાવી દાન કરે છે. જ્યારે શ્રીગુરૂદ્વારા ઉત્તમ આ શ્રીપ્રભુમંત્ર આપણને પ્રાપ્ત થયો છે તો તે મંત્રનો પ્રતાપ સવિસ્તાર તથા તેના જપનું માહાત્મ્ય પણ અવશ્ય સમજવુંજ જોઇએ. કારણ કે એ લોક સાધારણ નિયમ છે કે, કોઇ પણ વસ્તુના માહાત્મ્ય જ્ઞાન વિના સ્નેહ થતોજ નથી, તેથી કરીને આપણે પણ અષ્ટાક્ષર એ શું છે? તેના જપથી શું પ્રાપ્ત થાય છે? તેમાં શો પ્રતાપ છે? વગેરેથી અજ્ઞાન ન રહેતાં જાણીતા થવું જોઇએ; કે

જેથી શુકવત્ રટણુ ન કરતા અંતઃકરણથી પ્રીતિપૂર્વક મંત્ર સ્મરણ કરી કૃતાર્થ થઇએ. શ્રીમદ્ગુરૂચરણ પરમકૃપાળુ શ્રી પ્રભુ વિઠ્ઠલેશ્વર ચરણે કૃપા કરીને જીવોના પ્રબોધાર્થ "**શ્રી અષ્ટાક્ષર નિરૂપણ**" નામનો ગ્રંથ કરેલો છે કે જેમા પોતે અષ્ટાક્ષરનુ તત્વ અક્ષર અક્ષરથી વર્ણન કરેલું છે. યદિ તેનુ વિવેચન મ્હોટા ગ્રંથરૂપમા કરવામાં આવે તો તે પણ થોડુ જ છે.

"**અષ્ટાક્ષર**"નુ દાન કૃપા કરીને શ્રીમદાચાર્ય ચરણેજ કરેલું છે, તેમજ આ મૂલ ગ્રન્થ પણ શ્રીમદ્ ગુરૂ ચરણ પરમકૃપાલુ શ્રીવિઠ્ઠલેશ પ્રભુ વિરચિત છે; તથા સ્વસપ્રદાયમા શ્રીગુરૂ કૃપા એજ મુખ્ય છે. અને તેથી આ લઘુ પુસ્તક દૈન્યતા પૂર્વક સાષ્ટાગ પ્રણામ સહ, શ્રીમદાચાર્ય વર્ય પ્રભુ ચરણ શ્રીના યુગલ ચરણ કમલોમાજ અર્પણ કરૂ છુ.

સકારણ ઘણા પ્રિય ભગવદીય જનમહાશયોની પ્રેરણાથી કરેલા આ પુસ્તક રૂપ પ્રયાસમા, શ્રીનાથદ્વારાસ્થ શ્રીમદ્ ગોસ્વામિ તિલકાયિત્ શ્રી શ્રી ૧૦૮ શ્રીગોવર્દ્ધન-લાલજી મહારાજાશ્રિત, પંડિતજી શ્રી લાડલીલાલજીની કૃપા દ્વારા, મારી યોગ્તાનુસાર પ્રાપ્ત થયેલી સામ્પ્રદાયિક વિદ્યાએ, તથા બાલ્યાવસ્થામા મધ્યપ્રદેશાન્તર્ગત હરદા ગ્રામ નિવાસી, સદ્ધર્મપરાયણ, શ્રેષ્ઠિવર્ય, શુકદેવાત્મજ હરિશકર શર્મ્મા દ્વારા,

પ્રેમપૂર્વક થયેલી ધર્મ પ્રેરણાએજ, મને ઉત્સુક કરેલો છે. અને તેથી હુ ઉભય મહોદયશ્રીઓનો શુદ્ધાન્તઃકરણ દ્વારા ઉપકાર માનુ છું.

“ **શ્રી અષ્ટાક્ષર** ” એજ સર્વ શાસ્ત્રોનું તત્વ છે, તેમજ તેનુ નિરૂપણ પણ શ્રીમહાચાર્ય પરમકૃપાલુ શ્રીપ્રભુચરણની વાણીદ્વારા થયેલું છે, અને તેથી આવા અગાધ વિષયમાં મારા જેવા અલ્પજ્ઞની લેખિની ઉત્સુક થવી અયોગ્યજ છે. તથાપિ “ **શ્રીઅષ્ટાક્ષર મહામંત્ર** ” ના માહાત્મ્યથી થતા આહ્લાદની પ્રેરણાદ્વારા આકર્ષિત થયેલો હું, તે સબધી યત્ કિંચિત્ ગુર્જર ભાષાન્તર રૂપથી લખુછું તેને માટે સુજ્ઞ ભગવદીયજન મહાશયોને, મારૂં નિવેદન છે કે, તેમાં કોઈ પણ પ્રકારની ન્યૂનતા વા અશુદ્ધિ રહેલી હોય, તો તે તરફ ધ્યાન ન આપતા તેમાંથી સાર માત્ર ગ્રહણ કરી સુધારીને વાચવા કૃપા કરશો. ઈતિશમ્

| | |
|---|---|
| વિક્રમાબ્દ ૧૯૬૬.<br>શ્રીવલ્લભાબ્દ ૪૩૨.<br>માઘ કૃષ્ણ સપ્તમી<br>ગુરૂવાર, પાટોત્સવ. | ભગવદીયજન કૃપાભિલાષી<br>માતર ગ્રામ નિ० શુકલ મગનલાલા-<br>ત્મજવલ્લભ શર્મા. |

श्रीनाथजी.



પાટોત્સવ મહા વદિ ૭.

॥ श्रीमद् गोवर्द्धनधरो विजयते ॥

॥ श्रीमन्नवनीतप्रियोजयति ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રીવિઠ્ઠલેશ ચરણકમલેભ્યો નમઃ

# श्रीकृष्णः शरणं मम

## ॥ अथ श्रीअष्टाक्षर निरुपणम् ॥

श्रीकृष्ण कृष्ण कृष्णेति कृष्ण नाम सदा जपेत् ।
आनंद· परमानंदो वैकुण्ठं तस्य निश्चितम् ॥ १ ॥

सदा स्मरेत्त यो कृष्णं यमस्तस्य करोति किम् ।
भस्मी भवति तस्याशु महापातकराशय ॥ २ ॥

य स्मरेत सदा मंत्रं श्रीकृष्ण शरणं मम ।
अष्टाक्षरं जपेन्नित्यं यमो दृष्ट्वा हि शङ्कते ॥ ३ ॥

શ્રીકૃષ્ણ કૃષ્ણ એ નામને। જે સદા જપ કરે છે તેને આનંદ, પરમાનંદ (આનંદાત્મક, પરમાનંદ સ્વરૂપ) તથા શ્રીપ્રભુપદ ધામ વૈકુંઠ કે જેને ગોલોક કહે છે તે પ્રાપ્ત થાય છે. કારણ કે શ્રીકૃષ્ણ એજ સર્વોપરિ ઉત્તમોત્તમ છે. કૃષ્ણ એ કોઈ સાધારણ ઐશ્વર્યવાન્ અન્યવત્ ગણિતાનંદ સ્વરૂપ નથી. શ્રીકૃષ્ણ એ શબ્દની વ્યાખ્યા શ્રુતિમાં પણ “ कृषिर्भूवाचकः शब्दो ” ઇત્યાદિ વાકયોથી સદાનંદ પરબ્રહ્મ

સ્વરૂપ શ્રીકૃષ્ણજ પ્રતિપાદન કરેલું છે. તેમજ શ્રીહરિરાયજી ચરણે પણ શ્રીકૃષ્ણ શબ્દાર્થ નિરૂપણમા આજ્ઞા કરેલી છે કે "**आनंदश्च तथोपाधिरहितो नित्य एव हि**" આનદ અને ઉપાધિ રહિત નિત્ય સ્થાયિ ભાવાત્મક શ્રીપ્રભુ બ્રહ્મ સ્વરૂપ શ્રીકૃષ્ણજ છે.

જે સદા શ્રીકૃષ્ણનુ સ્મરણ કરે છે તેનુ યમરાજ પણ શુ કરી શકે ? મ્હોટા મ્હોટા પાપો પણ તેનાં ભસ્મ થઈ જાય છે. અર્થાત્ શ્રીપ્રભુ કૃષ્ણના સ્મરણ કરનારનું યમરાજ પણ કઇ કરી શકતા નથી. કારણ કે યમરાજાનુ કર્ત્તવ્ય પાપીને દડ કરવાનુ છે. શ્રીપ્રભુ કૃષ્ણના સ્મરણ કરનારના મ્હોટા મ્હોટા પાપો પણ ભસ્મ થઈ જાય છે તો તેવા જીવનુ કે જેના પાપ ભસ્મ થઇ ગયેલા છે તેને શુદ્ધ ભગવદીયને યમરાજનો ભય શાનો રહે ? યમરાજ તેવાના ઉપર પોતાનો કોઇ પણ પ્રકારનો દડ કરી શકતા નથી. શ્રીવિષ્ણુ પુરાણમા યમરાજે કહેલુ છે કે "[૧]શ્રીપ્રભુ મધુસૂદન ભગવાનને શરણ ગએલા ( આવેલા ) ને છોડી દો. હુ અન્ય મનુષ્યોનો સ્વામી છુ, કિન્તુ વૈષ્ણવ જનોનો સ્વામી નથી" તથા

---

**१ स्वपुरुषमभिवीक्ष्य पाशहस्तं वदति यम किल तस्य-कर्णमूले ॥ परिहर मधुसूदनप्रपन्नान् प्रभुरहमन्यनृणां न वैष्णवानाम् ॥**

"શ્રીમદ્ ભાગવત[1] ષષ્ટસ્કંધમા પણ યમરાજાએ પોતાના દૂતો પ્રતિ આજ્ઞા કરી છે "શ્રીપ્રભુની ગદાથી અભિગુપ્ત (રક્ષિત) ભગવદ્દીઓને હું તેમજ કાલ દંડ કરવા સામર્થ્ય વાન્ નથી. અર્થાત્ તેમને હુ તેમજ કાલ દંડ કરવા યોગ્ય નથી. તેમજ સ્વપ્નેશ્વર[2] ભાષ્યમા પણ નરકમા પચ્યમાન જીવ પ્રતિ કહેલા વચનોથી કે જેમા નરકમા પચ્યમાન જીવને યમરાજાએ પુછયું છે "શુ ? તે પ્રભુ કેશવ કે જે કલેશ નાશ કરનાર છે, તેમનુ પૂજન સ્મરણ કર્યુ નથી ? અર્થાત્ જો શ્રીપ્રભુનુ સ્મરણ સેવા (પૂજન) કર્યું હોત તો આ નરક યાતના ભોગવવી ન પડત. આવા વાકયોથી પણ એજ સિદ્ધ થાય છે કે શ્રીપ્રભુના સ્મરણથી યમયાતના ભોગવવી પડતી નથી, જે "**શ્રીકૃષ્ણઃ શરણં મમ**" એ અષ્ટાક્ષર મંત્રનુ સ્મરણ અને નિત્ય જપ કરે છે તેને જોઈ યમરાજા પણ શંકિત રહે છે. અર્થાત્ શ્રીઅષ્ટાક્ષર મંત્રનો આવો પ્રબળ પ્રતાપ છે કે જેના સ્મરણ કરનારથી યમરાજા પણ ભય પામે છે. તો આવા મંત્રનો જપ શા માટે ન કરવો જોઇએ ? પોતેજ કૃપા કરી આવા

---

१ तान्नोपसीदतहरेर्गदयाभिगुप्तान्नैषां वयं न च वय । प्रभवाम दंडे ॥

२ नरके पच्यमानस्तु यमेन परिभाषित ॥
किं त्वया नार्चितो देवः केशव क्लेशनाशनः ॥

श्रीमंत्रार्थाः प्रकाश्यंते जीवानां कार्यसाधनाः।
जीवानां हितकार्यार्थं गुरु श्रीविठ्ठलेश्वरैः ॥ ४ ॥
श्रीमुखात् कथ्यते सम्यक् सदष्टाक्षरतत्वतः ।
विवृत्तिर्हृदये यस्य सोऽयं श्रीवल्लभो भवेत् ॥ ५ ॥

આવા પ્રતાપી **"શ્રીકૃષ્ણ: શરણં મમ"** મંત્રના અર્થ જે જીવોના કાર્ય સાધનો છે તેને જીવોના હિત કાર્યાર્થે શ્રીમત્પરમ કૃપાલુ ગુરૂ શ્રીમદ્વિઠ્ઠલેશ્વરચરણ પોતે પ્રકાશ કરે છે શ્રીપ્રભુનુ સ્મરણ એ સર્વ સિદ્ધકર્ત્તા છે અર્થાત પ્રકાશથી તેના મહાત્મ્ય જ્ઞાનદ્વારા, મંત્ર સ્મરણમા પ્રેમ થાય અને તેથી સ્મરણદ્વારા સર્વ સિદ્ધ થાય માટે અર્થને કાર્ય સાધન બતાવ્યા. પોતે કૃપા કરીને જીવોનુ હિત વિચાર્યુ છે. કારણકે શ્રીપ્રભુના નામ સિવાય અન્ય કોઇપણ હિત છે નહીં. માટે હિત કાર્યાર્થે પણ કહ્યુ છે જીવ પોતાનુ હિત અહિત પણ જાણી શકતો નથી પોતેજ જેમ પુત્રની અજ્ઞાન દશા ( બાલક દશા ) મા પિતા હિત વિચારે તેમ વિચારી અર્થ પ્રકાશ કરે છે, કે જે દ્વારા મહાત્મ્ય જ્ઞાન થાય અને તેથી પ્રીતિપૂર્વક શ્રીઅષ્ટાક્ષર મંત્રનુ સ્મરણ કરી તે દ્વારા પોતાનુ હિત પ્રાપ્ત કરી કૃતાર્થ થઇ શકે.

પોતે શ્રીમુખથી સમ્યક્ પ્રકારે સત્ એવો જે શ્રી અષ્ટાક્ષર મંત્ર તે તત્વ સહ સવિસ્તર કથન કરે છે. જેના હૃદયમાં વિવૃત્તિ યુક્ત શ્રીઅષ્ટાક્ષર મંત્ર વિરાજમાન છે તેજ **શ્રીવલ્લભીય** પ્રભુનો પ્રિય ભગવદીય થાય છે. અથવા જેના હૃદયમા વિવૃત્તિ સમાવેશ થયેલી છે તે આ શ્રીવલ્લભ સ્વરૂપ છે. અર્થાત્ શ્રીમુખથી શ્રીવિઠ્ઠલેશ ચરણદ્વારા સાક્ષાત્ શ્રીવલ્લભાચાર્યજી પોતે કૃપા કરીને કથન કરે છે કારણ કે શ્રીઅષ્ટાક્ષર પ્રત્યક્ષ સ્વરૂપવાનજ શ્રીઆચાર્ય ચરણના હૃદયમા વિરાજમાન છે. તે સ્વરૂપથીજ શ્રીવિઠ્ઠલેશ્વર ચરણ પોતે કૃપા કરે છે.

ભગવદીય પણ એજ છે કે જેના અંતઃકરણમા શ્રીઅષ્ટાક્ષર સાક્ષાત્ સહ વિરાજમાન સદા રહ્યા કરે. શ્રીઅષ્ટાક્ષર એજ શ્રીભગવદીય જનોનુ મુખ્ય તત્વ ( ધન ) છે. અને તેથી પ્રતિક્ષણ તેનું સ્મરણ કરવુજ જોઇએ વૈષ્ણવ એ શબ્દની વ્યાખ્યામા પણ "**नाम संकीर्तनं मुखे**" બતાવેલુ છે કે મુખમા હર વખત શ્રી પ્રભુના નામનુ કીર્ત્તન થતુજ રહે તેનું નામ વૈષ્ણવ છે ભગવદીયોને તેથી શ્રીપ્રભુ નામ શ્રીઅષ્ટાક્ષરાદિ તત્વ બતાવેલા છે ૪-૫

**श्री श्रीसौभाग्यसंप्राप्तिः धनवान् राजवल्लभः ।**
**कृशब्दः शोषयेत् पापं ण शब्दस्तापसंहातिम् ॥ ६ ॥**
**शशब्दो निर्देहद्योनिं रशब्दो ज्ञानमाप्नुयात् ।**
**णशब्दन सदा कृष्णो दृढाथक्तिः सदा भवेत् ॥ ७ ॥**

**मशब्देन गुरौ प्रीतिः कृष्णरत्नोपदेशके ।**
**मशब्दे हरिसायुज्यमन्ययोनिं न गच्छति ॥ ८ ॥**

શ્રીઅષ્ટાક્ષર મંત્ર **"શ્રીકૃષ્ણ શરણં મમ"** મા આઠ અક્ષરો છે તે દરેકના જુદા જુદા અર્થો માહાત્મ્ય સહ શ્રીવિઠ્ઠલનાથજીએ ઉપરના ત્રણ શ્લોકોથી વર્ણન કર્યું છે.

૧ **શ્રી** એ સૌભાગ્યની પ્રાપ્તિ કરાવે છે.

૨ કૃ એ પાપનું શોષણ કરે છે.

૩ ષ્ણ એ અક્ષર ત્રિવિધ તાપનો નાશ કરે છે (અને : શ્રીપ્રભુ સંબંધી આર્તિ પ્રાપ્ત કરાવે છે અર્થાત શ્રીપ્રભુ સંબંધી સ્નેહાતુરતા પ્રાપ્ત કરાવે છે.)

૪ શ એ યોનિનું દહન કરે છે

૫ **ર** એ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરાવે છે

ણં એ અક્ષરથી નિત્ય શ્રી કૃષ્ણ પ્રભુમાં અચલા ભક્તિ પ્રાપ્ત થાય છે

**મ** એ અક્ષરથી શ્રીગુરૂચરણમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે કે જે ગુરૂ શ્રીકૃષ્ણ રૂપી રત્નના ઉપદેશ કર્ત્તા છે.

**મ** એ શ્રીપ્રભુની સાયુજ્યતા પ્રાપ્ત કરાવે છે કે જેથી અન્ય યોનિ પ્રાપ્ત થતી નથી.

શ્રીભગવદીયજનોનુ સૌભાગ્ય શ્રીપ્રભુ છે. શ્રીઅષ્ટાક્ષરનું હાર્દિક ધ્યાન શ્રીપ્રભુ પ્રાપ્તિનુ સાધન છે અને તેથી અષ્ટા ક્ષર જેના હૃદયમા વિરાજમાન છે તેણેજ સર્વ સૌભાગ્ય પ્રાપ્ત કરેલું છે. અર્થાત્ શ્રીઅષ્ટાક્ષર મહામત્રનો પ્રથમાક્ષર "શ્રી" જેના મુખથી ઉચ્ચારણ થયેલો છે તેને સર્વ સૌભાગ્ય પ્રાપ્ત થયેલું સૂચન થાય છે. કારણ કે તે સિવાય બીજુ ઉત્તમ સૌભાગ્ય છેજ નહીં પ્રથમાક્ષર "શ્રી" એજ શ્રીભગવદીય જનોનું માહાત્મ્ય અને પોતાનો પ્રતાપ સૌભાગ્ય પ્રાપ્તિથી તથા ધનવાન્ રાજવલ્લભતા પ્રભતિ ગુણોથી પ્રત્યક્ષ કરે છે. "કૃ" શબ્દ જે પાપ નિવૃત્તિ કર્ત્તા બતાવ્યો તેનું કારણ એ છે કે પાપ નિવૃત્તિ વિના અતઃકરણ શુદ્ધ થતું નથી. જ્યા સુધી અતઃકરણ શુદ્ધ થતું નથી ત્યા સુધી શ્રીપ્રભુ સ્મરણ વગેરેમાં પણ ચિત્ત લાગતું નથી. માટે "કૃ" અક્ષરનો એ પ્રતાપ બતાવ્યો છે. કૃ અક્ષરના ઉચ્ચારણથીજ પાપનું શોષણ થઇ જાય છે. વળી આગળ કહેલું છે કે શ્રીભગવદ્ભક્તોના મ્હોટા મ્હોટા પાપો પણ ભસ્મ થઈ જાય છે. તેનુ કારણ એજ છે. કાર કે શ્રીભગવદીયજનો પુનઃ પુનઃ "શ્રીઅષ્ટાક્ષર" મત્રનુ સ્મરણ કરે છે. તો તેમાં પુનઃ પુનઃ કૃ શબ્દનુ ઉચ્ચારણ થાયજ અને કૃ શબ્દનુ માહાત્મ્ય ઉપર બતાવ્યા પ્રમાણે પાપ શોષણ કર્ત્તા છે. તો પછી શ્રીભગવદીય જનોનાં પાપ ભસ્મ થઈ જાય તેમા

આશ્ચર્ય શુ ? તેમજ "ણુ" અક્ષરથી ત્રિવિધ તાપનિવૃત્તિથી પણ શુદ્ધતા સૂચન કરી છે. અને શ્રીપ્રભુ સબધી આર્તિ પ્રાપ્ત થવી બતાવેલી છે. જ્યારે ત્રિવધ તાપ નાશ થાય છે તો પછી કોઇપિણ પ્રકારની લૌકિક વાસના પણ રહેતી નથી. જેની સાસારિક વાસના નષ્ટ થઇ તે પોતે માત્ર શ્રી-પ્રભુમાજ લીન રહે છે અને તેને કોઇપિણ પ્રકારનો યોનિત્વ સબધ પણ રહેતો નથી. અર્થાત્ એક યોનિથી બીજી યોનિમા પુનરાવર્ત્તન થવું માત્ર સાસારિક વાસનાથીજ સંબધ રાખે છે. જેને કોઇ પ્રકારની વાસનાજ નથી તેને કોઇપણ પ્રકારનો સ્રીત્વ, પુરૂપત્વ, પશુ વગેરેનો યોનિ સબધ છેજ નહીં, કારણ કે સ્રી, પુરૂષ વગેરે જ્ઞાન પણ માત્ર દેહ ધારી-ઓનું સસારિક અસત્ય અહતા મમતાનુજ કારણ છે. પાચભૌતિક દેહ પણ કારણાવસ્થામા શુદ્ધજ છે. તેમજ જીવ પણ ભગવદશ અવિનાશી શુદ્ધજ છે. જેણે ઉપર પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરેલુ છે તે કોઇ સમયે મિથ્યાભિમાન કરતો નથી; તમજ તને કોઇ પ્રકારની યોનિત્વ વાસના પણ રહેતી નથી. શ્રીભગવદીયજનોને જે અલૌકિક તનુત્વ સબધ "યમુનાષ્ટક"[1] પ્રભૃતિમા બતાવ્યો છે તેનું કારણ ઉપર પ્રમાણેજ સસારિક વાસનારૂપી દેહાભિમાનનું નષ્ટ થવું અને સર્વત્ર શ્રીપ્રભુમય જ્ઞાન સત્યત્વ પ્રાપ્ત થવારૂપ

---

१ तनुनवत्वमेतावता श्री. य श्लो. ७

અલૌકિક તનુત્વ સૂચન શ્રીયમુનાજીનુ માહાત્મ્ય દર્શાવવાનુ જ છે. અને તેવીજ રીતે ૨ અક્ષરનુ માહાત્મ્ય પણ શ્રીપ્રભુ ચરણે ઉપર પ્રમાણે બતાવ્યું છે. અર્થાત્ "શ" અક્ષરના ઉચ્ચારણ કરનારની સાસારિક વાસનાઓ નષ્ટ થઇ કોઇપણ પ્રકારનુ મિથ્યાભિમાન રહેતું નથી કે જેથી લૌકિકત્વ સૂચન થાય. માત્ર સર્વત્ર એક દ્રષ્ટિથી શ્રીપ્રભુનેજ જુવે છે એજ અલૌકિક તનુ પ્રાપ્ત થવું અને સાસારિક વાસના દેહ (યોનિ)નુ દહન થવું છે. અથવા મૃત્યુ ભયથી નિવૃત્ત થઇ પ્રભુવત્ નિત્ય સ્થાયી અલૌકિક દેહનું પ્રાપ્ત થવું તે છે કારણ કે શ્રીપ્રભુના ભકતોને શ્રીપ્રભુના મ ત્ર પ્રતાપથી ગોલોક શ્રીપ્રભુનું ઉત્તમ ધામ પ્રાપ્ત થાય છે. અને તેઓ ત્યા શ્રીપ્રભુ સમીપ આન દયુક્ત શ્રીપ્રભુ સેવામા મગ્ન રહે છે. શ્રીપ્રભુ ધામમા પ્રાકૃત (લૌકિક) દેહ ધારી રહી શકતો નથી, કારણ તે દેહમા અહ તા, મમતા, પ્રભૃતિ પ્રકૃતિ સ બ ધી ગુણો વિદ્યમાન હોય છે, અને ત્યાતો સર્વ આન દમયજ હોય છે. તેમજ જે ત્યા પ્રાપ્ત થયો છે તેનું પુનરાવર્ત્તન પણ નથી બતાવ્યુ જેવી રીતે શ્રીમદ્ ભગવદ્ગીતામા "**यद्गत्वान निवर्त्तते तद्धाम परमं मम**"[1] શ્રીપ્રભુએ આજ્ઞા કરેલી છે. પ્રકૃતિ સ બ ધી ગુણોયુક્ત ત્યા નિવાસ કરવા કોઇપણ યોગ્ય નથી એ શ્રીમદ્ભાગવતના

---

૧ જ્યા ગયા પછી ફરીથી નિચે પૃથ્વી ઉપર પુનરાવર્ત્તન થતુ નથી એવુ પરમ શ્રેષ્ઠ તે મારૂં ધામ છે

જયવિજયને થયેલા શ્રીસનત્કુમારાદિના શ્રાપ સબંધી આખ્યાનથીજ પ્રત્યક્ષ થાય છે. કારણ કે તેમનુ પૃથ્વી ઉપર પતન અને આસુરી યોનિનુ પ્રાપ્ત થવું ભેદદૃષ્ટિ રૂપી પ્રકૃતિ ગુણોનુંજ કારણ હતું. શ્રીભગવદીયજનો શ્રીપ્રભુ સમીપજ નિવાસ કરે છે. એ સિદ્ધ છે અને શ્રીપ્રભુ સમીપ પ્રાકૃત દેહધારી કોઈ સ્થિત થઇ શકતો નથી તો તે ઉપરથીજ સિદ્ધ છે કે શ્રીપ્રભુજીના મત્રસ્મરણ પ્રતાપથી અવશ્ય શ્રીપ્રભુ ભક્તોને મૃત્યુ ભય નિવૃત્ત થઈ અલૌકિક દેહ કે જેમા મૃત્યુ ભય રહે નહિ તે જરૂર પ્રાપ્ત થતોજ હશે કે જેથી તેઓ શ્રીપ્રભુ ધામમા તે અલૌકિક દેહવડે નિરંતર નિવાસ કરી આનદમગ્ન શ્રીપ્રભુની સેવા કરી શકે જેવી રીતે શ્રીનારદ પંચરાત્ર દ્વિતીયાધ્યાયમા શ્રીમહાદેવજીએ અલૌકિક તનુત્વ

---

૧ નારદ પં. રા દ્વિતીયાધ્યાય—

मया श्रीकृष्णमंत्रश्च कृष्णालये मुने पुरा ।
गोलोके विरजातीरे नीरक्षीरनिभेऽमले ॥ १९ ॥
शतलक्षजपं कृत्वा पुण्ये वृन्दावने वने ।
श्रीकृष्णानुग्रहेणैव मंत्र सिद्धो बभूव मे ॥ २० ॥
ब्रह्मभालोद्भवोऽहंच सर्वादिसर्गतो मुने ।
प्राप्तं मृत्युञ्जयं ज्ञानं कृष्णाच्च परमात्मन ॥ २१ ॥
सिद्धो मृत्युञ्जयोऽहंच नित्यनूतनविग्रहः ।
ब्रह्मण पतनेनैव निमिषो मे यथाहरे. ॥ २२ ॥
एवं तेषां पार्षदानां नास्ति मृत्युर्यथा हरे ।

શ્રીનારદજીપ્રતિ પણ શ્રીકૃષ્ણમંત્રના પ્રતાપથી મૃત્યુનો જય તેમજ કર્માશ્રિત ( લૌકિક ) દેહનો ત્યાગ અને નૂતન ( અલૌકિક ) તનુની પ્રાપ્તિ વર્ણન કરી છે, કે જે અલૌકિક દેહનું કોઈપણ સમયે (બ્રહ્માના આયુષ્ય અંતમા પણ) પતન થતું નથી ને હમેશાં શ્રીપ્રભુની પ્રમાણેજ આનંદાત્મક સ્થાયી રહે છે. ઉપર બતાવ્યા પ્રમાણે સિદ્ધાંતથી શ્રીઅષ્ટાક્ષર-

---

**यस्मिन्देहेलभेन्मंत्रं वैष्णवो वैष्णवादपि ॥ २३ ॥**
**पूर्वकर्माश्रित देहं त्यक्त्वा स पार्षदो भवेत् ॥**

મહાદેવજી નારદજીને કહે છે કે હે મુનિ ! મે પ્રથમ શ્રી પ્રભુના સ્થાન ગોલોક પુણ્ય એવું જે વૃંદાવન તેમા શુદ્ધ જળથી શોભિત એવા શ્રીનીરજાજીના તટ ઉપર શ્રીકૃષ્ણ મંત્રનો શત લક્ષ જપ કર્યો અને શ્રીકૃષ્ણના અનુગ્રહે કરી તે મંત્ર સિદ્ધ થયો. શ્રીપરમાત્મા કૃષ્ણથી મૃત્યુના જયરૂપી જ્ઞાન પ્રાપ્ત થયુ અને હે મુનિ ! હુ સૃષ્ટિથી તેમજ સર્વથી આદિ એવો બ્રહ્મ ભાલોદ્ભવ કહેવાયો સિદ્ધ મૃત્યુનો જય કરનાર હુ નિત્ય તન વિગ્રહ ( અલૌકિક તનુ ) ધારી ગયો અને મને શ્રીબ્રહ્માજીનું આયુષ નિમેષ માત્ર જણાવવા લાગ્યુ જેવી રીતે શ્રીપ્રભુને બ્રહ્માજીનુ આયુષ્ય નિમેષ માત્ર જણાય છે. શ્રીપ્રભુની પેઠે તેમના પાર્ષદો ( ભકતો )નું પણ મૃત્યુ થતુ નથી અર્થાત્ જેવી રીતે પ્રભુ નિત્ય સ્થાયી છે તેવીજ રીતે તેમના પાર્ષદો પણ આનંદાત્મક અલૌકિક તનુથી શ્રીપ્રભુના ધામમા નિવાસ કરે છે વૈષ્ણવ વૈષ્ણવદ્વારા જે દેહમા શ્રીપ્રભુ મંત્ર પ્રાપ્ત કરે છે તે પૂર્વ કર્માશ્રિત દેહ મંત્ર પ્રાપ્ત કરવાથી તરત ત્યાગ કરી શ્રીપ્રભુનો પાર્ષદ થાય છે

ના "શ" અક્ષરના યોનિ દહન પ્રતાપમાં કોઇપણ પ્રકારથી આશ્ચર્ય અથવા સ શયભરેલું છેજ નહીં.

જ્યારે સાસારિક વાસનાઓ નષ્ટ થાય છે અને અલોકિક શુદ્ધ દેહ પ્રાપ્ત થયેલો છે તો તેવા શુદ્ધ અ તઃકરણમા શ્રી પ્રભુ સ બ ધી જ્ઞાન સહજ પ્રાપ્ત થાય છે કે જે દ્વારા શ્રી- પ્રભુમાં સ્નેહ પ્રાપ્ત થઇ શકે છે એ ૨ અક્ષરનું માહાત્મ્ય તેમજ પ્રતાપ છે. શ્રીપ્રભુમા સ્નેહ થયો ત્યારે નિત્યપ્રીતિ ધીમે ધીમે સ્નેહ વૃદ્ધિ થતો જાયછે અને શ્રીપ્રભુમા આખરે અચલ પ્રેમ બ ધાય છે. અચલ પ્રેમ એજ ભક્તિ છે. શ્રી નારદ પ ચરાત્રમા કહ્યુ છે તેમજ શ્રીઆચાર્ય ચરણે પણ આજ્ઞા કરેલી છે કે "[1]માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદૃઢ સ્નેહ પ્રાપ્ત થાયછે અને સુદૃઢ સ્નેહ એજ ભક્તિ છે. અને તેથીજ

---

એટલે તરતજ તે દેહ ( કર્માશ્રિત લૌકિક ) ત્યાગ કરી પાર્ષદ દેહ ( અલૌકિક ) શ્રીપ્રભુના જેવો પ્રાપ્ત થઇ જાય છે

ઉપર પ્રમાણે વાક્યોથી શ્રીપ્રભ મ ત્રદ્વારા અલૌકિય તનુની પ્રાપ્તિ બતાવેલી છે

નારદ પ૦ રા૦ પ્રથમાધ્યાય—

**नप्राकृतो नविषयी नित्यदेहीच वैष्णव ॥**

વૈષ્ણવ પ્રાકૃત વા વિષયી અનિત્ય દેહવાન્ નથી પરંતુ નિ ય સ્થાયી આન દાત્મક દેહવાન્ છે ઇત્યાદિ વાક્યોથી ઘણે સ્થળે દર્શાવેલુ છે.

१ **माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढ सर्वतोऽधिक ॥**
**स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्नचान्यथा ॥**

શ્રીવિઠ્ઠલેશ્વરચરણે પણ "ર" શબ્દનું તેમજ ણું નું માહાત્મ્ય ઉપર પ્રમાણે બતાવેલું છે."

જ્યારે શ્રીપ્રભુમાં પ્રીતિ પ્રાપ્ત થાય છે અને દૃઢ સ્નેહ બધાય છે ત્યારે શ્રીગુરૂચરણમા પણ પ્રીતિ વિશેષ થાય છે. કારણ કે શ્રીગુરૂદ્વારાજ શ્રીપ્રભુ સબધી જ્ઞાનોપદેશ પ્રાપ્ત થયો હતો કે જેથી આ દશા પ્રાપ્ત થઇ; અને તે ગુરૂ પ્રીતિથી નિત્યપ્રતિ સ્નેહ શ્રીપ્રભુમા વૃદ્ધિ થતો જાય છે; અને શ્રીપ્રભુવિના અન્ય કોઇ વસ્તુની વાસના અથવા તેમા સ્નેહ રહેતો નથી. અત્યમા સિદ્ધિરૂપ શ્રીહરિ સાયુજ્યતા અર્થાત શ્રીપ્રભુ પ્રાપ્તિ થાય છે અને તેથી અન્ય યોનિ નબધ અર્થાત્ પુનર્જન્મ મરણ ભય રહેતો નથી. કારણ કે સાયુજ્યતા પ્રાપ્ત શ્રીપ્રભુ સમીપ નિવાસ કર્ત્તા ભગવદીય-જનો (પાર્ષદો) કે જેમણે શ્રીપ્રભુનુ દાસત્વ પ્રાપ્ત કરેલું છે તેમને લૌકિક દેહ તો છે નહી કે જેથી મૃત્યુનો ભય રહે. અને પુનર્જન્મ મરણ થયા કરે. તેમને તો અલૌકિક શ્રીપ્રભુવત આનદાત્મક નિત્ય સ્થાયી દેહ પ્રાપ્ત થયેલો હોય છે કે જે દ્વારા તે પ્રભુધામમા પ્રાપ્ત થયેલો પુનઃપૃથ્વી ઉપર પતન થતો નથી અર્થાત્ તેનું પુનર્જન્મ મરણ થતું નથી. અને તથીજ ઉપર પ્રમાણેનું "મ" અક્ષરમા અન્ય યોનિના સબંધ નિવૃત્તિરૂપ માહાત્મ્ય બતાવેલુ છે. શ્રીપ્રભુપ્રાપ્તિમા મુખ્ય સાધન શ્રીગુરૂ કૃપાજ છે કારણ કે શ્રીગુરૂકૃપાથી

અને તેમના અમેય બલ પ્રતાપથીજ તેમની કૃપાદ્વારા પ્રાપ્ત મંત્ર દીક્ષાદ્વારા દીક્ષાવાન્ જીવો ઉપર શ્રીપ્રભુ પ્રસન્ન થાય છે. શ્રીગુરૂ પોતે સર્વજ્ઞ, કૃપાલુ, વેદ વેદાંતના સિદ્ધાંતને જાણનારા શ્રીપ્રભુના પ્રિય સાક્ષાત્ તેજસ્વરૂપ ઇચ્છીત વરને આપનારા સર્વ સામર્થ્યવાન્ છે. શ્રીગુરૂ શબ્દની વ્યાખ્યા શાસ્ત્રમા નીચે પ્રમાણે બતાવેલી છે:—

गुशब्दस्त्वंधकारस्याद्रुशब्दस्तन्निरोधकृत् ।
अंधकारनिरोधत्वाद् गुरुरित्यभिधीयते ॥

"ગુ" એ શબ્દ અંધકારનો વાચક છે અને "રૂ" શબ્દ અંધકારનો નિવૃત્તિ કર્ત્તા છે અર્થાત્ શિષ્યના હૃદયમા સ્થિત અજ્ઞાનરૂપી અંધકારને નિવૃત્તિ કરનાર તે ગુરૂ કહેવાય છે અને તેથીજ ઉપરોક્ત ગુણો યુક્તજ ગુરૂ પ્રાપ્ત કરવા સબંધમાં ગૌતમ તંત્ર[1] પંચમાધ્યાયમા કહેલું છે.

---

1 सुंदर सुमुख स्वस्थ सुवासोबहुतंत्रवित् ॥
असंशय संशयच्छिन्निरपेक्षो गुरुर्मत ॥
वेदवेदान्तवेदा सिद्धान्तज्ञानपारग ॥
वाङ्मन कायाचित्तैश्च विष्णो शुश्रुषणे रत ॥
विष्णुमंत्रानुसंधायी विष्णुविज्ञानवेदक ॥
विष्णौ समर्पक सम्यक् त्रिविधोपात्तकर्मण ॥
वैष्णवाम्नाय सिद्धान्तचिन्तामणीरिवापर ॥
आश्रमी ज्ञानकुशलो गुरुर्भवतिनापर ॥
एव विधो गुरुर्ज्ञेयस्त्वन्यथा शिष्यदुःखद । इत्यादि

**યદિ તેવા ગુણોથી શોભિત ગુરૂ ન પ્રાપ્ત થાય અને હરકોઇ વિના પરંપરા શાસ્ત્ર સંમતરહિત ગુરૂ માની મંત્રદીક્ષા પ્રાપ્ત કરવાથી તે અતે શિષ્યને દુઃખદાયી થઇ પડે છે માટે ઉત્તમ પ્રભુપ્રાપ્તિ કરાવનારા ઉત્તમ ગુણોથી શોભીત કૃપાલુ ગુરૂનો આશ્રય કરવો કે જેમની પ્રીતિથી અને કૃપાથી શ્રીપભુ પણ પ્રસન્ન થાય, કારણ કે શ્રીપ્રભુ પ્રસન્ન થવામા મૂલ કારણ શ્રીગુરૂજ છે.**

---

**અર્થ:**—સુદર સુમુખ સ્વસ્થ ચિત્તવાળા સુવાસા તેમજ બહુ તત્રવિત્ તથા પોતે સશયરહિત અને બીજાના સશયોનુ છેદન કરનારા નિરપેક્ષ ગુરૂ હોવા જોઇએ. વેદાત અને વેદના અંગોને તથા તેના સિદ્ધાતને જાણનારા જ્ઞાન પારગત, વાણી, મન, કાયા અને ચિત્ત જેના શ્રી ( વિષ્ણુ ) પ્રભુ શુશ્રુષામા લાગેલાં હોય તથા વિષ્ણુ મંત્રાનુસધાયી તથા શ્રીવિષ્ણુને સમર્પણ સબધી જ્ઞાનને જાણનારા ત્રિવિધ કર્મો શ્રીવિષ્ણુને સમર્પણ કરનારા, વૈષ્ણવ સમ્પ્રદાયના સિદ્ધાંત રૂપ ચિતામણીના જેવા ઇચ્છિત વસ્તુને આપનારા, આશ્રમી, જ્ઞાનકુશલ એવા ગુરૂ થઇ શકે, અન્ય નહીં. આ પ્રમાણે ગુરૂ સ્વરૂપ જોઇને ગુરૂ કરવા નહીં તો તે સિવાય ઉપરોક્ત ગુણોથી રહિત શિષ્યને દુખદાયી થઇ પડે છે માટે હરકોઈથી મત્રદીક્ષા પ્રાપ્ત કરી ગુરૂ સપાદન કરવા ન જોઇએ કારણુ કે તેમનાથી કહેલું ગુરૂ માહાત્મ્ય પ્રાપ્ત થતુ નથી કે જેમ ઉપર ગુરૂદ્વારા પ્રભુપ્રાપ્તિ દર્શાવેલી છે. તો પછી શ્રીગુરૂદ્વારા પ્રભુપ્રાપ્તિ થવાથી માત્ર ગુરૂ સપાદન કરવામા કરેલો પરિશ્રમ નિરર્થક દુખરૂપજ કહેવાય

આ **શ્રીઅષ્ટાક્ષર**ના અંતિમ ઉભય "**મ**" અક્ષરોનું માહાત્મ્ય છે અર્થાત્ '**મ**' અક્ષરના ઉચ્ચારણથી શ્રીગુરૂમા પ્રીતિ શ્રીગુરૂદ્વારા શ્રીપ્રભુમા પ્રાપ્તિ અને તેથીજ સાયુજ્યતા સિદ્ધિ કે જેથી અન્ય યોનિના ભયનીપણ નિવૃત્તિ થાય છે. સારાશ કે પૂર્ણ અષ્ટાક્ષરને ઉચ્ચારણ કરનાર જીવ (મનુષ્ય) અલૌકિક દેહ ધારણ કરી શ્રીપભુ સમીપ ઉત્તમ પરમપદ શ્રીગોલોક નિત્યલીલા સ્થાનમા શ્રીપ્રભુ સેવામા સ્થિત થાય છે. અને એજ શ્રીભગવદીયોનો મોક્ષ અને પ્રાર્થનીય વસ્તુ છે અર્થાત્ ઇચ્છિત વસ્તુ શ્રીપ્રભુ પણ શ્રીઅષ્ટાક્ષરથીજ પ્રાપ્ત થાય છે. અન્ય અનેક સાધનોથી દુર્લભ છે અને તેથીજ જોઇતા સાધનો પણ ક્રમશ શ્રીઅષ્ટાક્ષરના અક્ષરોજ ઉપરના માહાત્મ્યથી દર્શાવ્યા, શ્રીઅષ્ટાક્ષરવિના અન્ય કોઇ સાધન ભગવદીયોને વાસ્તે નથી, અને તેથીજ શ્રીઆચાર્ય ચરણ પરમકૃપાલુ શ્રીવલ્લભાધીશે પણ આજ્ઞા કરેલી છે. "[1] **तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्ण. शरणं मम ॥ वदद्भिरेव सतत स्थेयमित्येव मे मति** " શ્રીઅષ્ટાક્ષરમાજ સર્વ પ્રકારની સિદ્ધિ રહેલી છે અને તેનાથીજ શ્રીપ્રભુપ્રાપ્તિ થાય છે. ૬.૭૮

**इतिश्रीकृष्णमंत्रार्थ यो जपेद्विट्ठले रतिम् ।**

**भक्तिवैराग्यमाप्नोति भुक्तिमुक्ति करेस्थिते ॥ ९ ॥**

---

૧. " તેથી કરીને સર્વાત્માએ કરી નિત્ય "**શ્રીકૃષ્ણ: શરણં મમ**" એ મંત્રનો જપ કર્યા કરવો એ મારી મતિ છે અર્થાત્ સિદ્ધાંત છે ( નવરત્ન ગ્રંથ શ્લોક ૯ )

सर्वरोगोपशमनं सर्वपापोपनाशनम् ।
ऋद्धिसिद्धिर्गृहे शीघ्रं वसते सर्वदास्थिरा ॥१०॥
आनदं परमानन्दं सायुज्यं हरिवल्लभम् ।
यःपठेच्छ्रीकृष्णमंत्रं सर्वज्वरविनाशनम् ॥११॥
भूतप्रेतपिशाचादि व्याघ्रचौरादिसंकटे ।
शत्रवो मित्रतां यान्ति सर्पं दृष्टैव मषकाः ॥१२॥
कुक्रियाः सर्वरिष्टानि कुग्रहाः सर्वनाशनाः ।
आनन्दमूर्त्तिः कृष्णोऽस्य हृदये वसते सदा॥ १३॥

ઉપર પ્રમાણે "શ્રીકૃષ્ણઃ શરણં મમ" એ મત્રનો અર્થ છે તે મત્રનો જપ કરે છે તેની [1]શ્રીવિઠ્ઠલ ચરણમા પ્રીતિ થાય છે. તેમજ ભક્તિ તથા વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. તથા તેના હસ્તમાજ [2]ભુક્તિમુક્તિ સ્થિત થાય છે સર્વ પ્રકારના રોગનું શમન

૧ શ્રીશોભા અથવા સ્વામિન્યાદિસહ–વિદ્–જ્ઞાન ઠ શન્ય જ્ઞાન શન્ય જે જીવ તેને લ–ગ્રહણ કરે (અગીકાર કરે) તે વિઠ્ઠલ (જ્ઞાનરહિત જીવોને પોતાની કૃપાદ્વારા અગીકાર કરનારા પરમકૃપાલુ પ્રભુ શ્રીવિઠ્ઠલ )

૨ धर्मार्थकामैः किं तस्य मुक्तिस्तस्य करे स्थिता ।
समस्तजगतां मूले यस्य भक्तिः स्थिरा त्वयि ॥

સમસ્ત જગતના મૂળરૂપ આપમા જેની ભક્તિ સ્થિર થઇ છે તેને ધર્મ, અર્થ, કામ, વગેરે શુ છે. મુક્તિ પણ તેના હસ્તમા સ્થિત છે ઇત્યાદિ વાક્યો શ્રીવિષ્ણુ પુરાણમા કહેલા છે

થાય છે તથા સર્વ પ્રકારના પાપનો નાશ થાય છે. ઋદ્ધિ સિદ્ધિ શીઘ્ર પ્રાપ્ત થાય છે અને તેના ઘરમા હમેશા સ્થિર થઇને નિવાસ કરે છે. આનંદ[1] તથા પરમાનંદ[2] તેમજ સાયુજ્યતા[3] પ્રાપ્ત થાય છે. અને શ્રીપ્રભુનો પ્રિય થાય છે. જે મનુષ્ય શ્રીકૃષ્ણમંત્ર આ અષ્ટાક્ષરનુ પઠન કરે છે તેના સર્વ પ્રકારના જ્વર નાશ પામે છે. ભૂતપ્રેત પિશાચાદિ તેમજ વ્યાઘ્ર ચૌરાદિથી તથા સંકટ સમયે પણ રક્ષણ કરે છે અને તેના પ્રતાપથી શત્રુજનો પણ મિત્રતા સંપાદન કરી લે છે જેવી રીતે સર્પને જોઇ મૂષકો (ઉંદરો) ભીત થાય છે. કુક્રિયાઓ તેમજ સર્વ પ્રકારના અરિષ્ટ તથા કુગ્રહો વગેરે સર્વ નાશ થઈ જાય છે અને સાક્ષાત્ આનંદ[4] સ્વરૂપ શ્રીકૃષ્ણ હૃદયમા વિરાજમાન થાય છે ૯-૧૦-૧૧-૧૨-૧.

**तस्य कुत्रापि नो दुःखं सुखं सर्वत्र सर्वदा ।**
**अहोरात्र जपेन्नित्यं गुरूणां मंत्रमुत्तमम् । ॥१४॥**
**तं हि दृष्ट्वा त्रयोलोकाः पूता स्युः किमु मानवाः ।**
**मध्येच सर्वमंत्राणां मंत्रराजोत्तमोत्तमः ॥१५॥**

---

૧. અક્ષર બ્રહ્મ અથવા શ્રીપ્રભુનુ ધામ
૨. શ્રીપૂર્ણપુરૂષોત્તમ
૩ સાયુજય મોક્ષ અથવા શ્રીપ્રભુ પ્રાપ્તિ
૪ **आनंदमात्रकरपादमुखोदरादि** વગેરે વાકયોથી આનંદ સ્વરૂપ પ્રતિપાદન કરેલુ છે

इदमेव परैकांत भक्तिमान् यः सदा स्मरेत ।
ऋद्धिः सिद्धि र्गृहे सत्यं कृष्णतात्पर्यसुंदरम् ॥ १६ ॥
भक्तानां हितकार्यार्थे ज्ञातव्यं स्वजनोत्तमैः ।
वेदवाक्ये महावाक्यं पुराणे भारते तथा ॥ १७ ॥
श्रीमद्वल्लभवाक्यार्थे श्रीकृष्णः शरणं मम ।
इति श्रीविठ्ठलेश्वर विरचितं श्रीअष्टाक्षर निरूपणं समाप्तम् ॥

તેને કોઇ સ્થળે દુઃખ પ્રાપ્ત થતું નથી. સર્વદા સવ સ્થળે સુખજ પ્રાપ્ત થાય છે. જે રાત્રિ દિવસ નિત્ય શ્રીગુરૂનો કૃપાદ્વારા પ્રદાન કરેલો [1]સર્વ મંત્રોમા ઉત્તમ આ મહામંત્રનો જે જપ કરે છે તેને જોઇને નિશ્ચય ત્રણે

१ गौतम तं० पंचमाध्याय श्लो. ११
सर्वेषु मंत्रवर्गेषु श्रेष्ठं वैष्णवमुच्यते ।
वैष्णवेषुच सर्वेषु कृष्णमंत्रा फलाधिका ॥

સર્વ મંત્ર વર્ગમા શ્રીવૈષ્ણવ મંત્ર વર્ગ શ્રેષ્ઠ છે અને શ્રીવૈષ્ણવ વર્ગમા પણ સર્વમા શ્રીકૃષ્ણ મંત્ર અધિક ફળવાળા છે તેમજ નારદ પંચરાત્રમા પ્રથમ રાત્રના પ્રથમાધ્યાય શ્લોક ૭૦ મામા બતાવેલુ છે—

मंत्राणां कृष्णमंत्रश्च यथा विद्या धनेष्वपि ।
यथा तेजस्विनां सूर्यो मिष्टानाममृतंयथा ॥

જેવી રીતે ધનમા ઉત્તમ ધન વિદ્યા છે તેજસ્વી પદાર્થોમા ઉત્તમ સૂર્ય છે તથા જેવી રીતે મિષ્ટ વસ્તુમા ઉત્તમ અમૃત છે તેવી રીતે મંત્રોમા ઉત્તમ શ્રીકૃષ્ણ મંત્ર છે

[1]લોક પવિત્ર થાય છે ( તો મનુષ્ય પવિત્ર થાય તેમા આશ્ચર્ય શુ ? ) સર્વ મંત્રોમા ઉત્તમોત્તમ અને મંત્રરાજ આ અષ્ટાક્ષર છે. આ મંત્રનોજ જે પરૈકાન્ત ભક્તિમાન્ પુરૂષ સદા જપ કરે તેના ગૃહમા સત્યજ ઋદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સુંદર શ્રીકૃષ્ણ તાત્પર્ય રૂપ સ્વકીય ભક્તોના હિતકાર્યાર્થે ઉત્તમ પુરૂષ કૃપાલુ શ્રીઆચાર્ય ચરણોએ

---

१ कृष्णमंत्रोपासकानां शुद्धं पादोदकं सुत ।
पुनाति सर्वतीर्थानि वसुधामपि पार्वति ॥
कृष्णमंत्रो द्विजमुखाद्यस्य कर्ण प्रयातिच ॥
तं वैष्णवं जगत्पूतं प्रवदन्ति पुराविद ॥
मंत्रग्रहणमात्रेण नरोनारायणात्मक ।
पुनाति लीलामात्रेण पुरुषाणां शतंशतम् ॥

શ્રીકૃષ્ણ મંત્રની ઉપાસના કરનારનુ પાદોદક પૃથ્વીને તથા સર્વે તીર્થોને પવિત્ર કરે છે શ્રીકૃષ્ણમંત્ર દ્વિજ મુખથી જેના કર્ણમા પ્રાપ્ત થયેલો છે તે વૈષ્ણવને જગત પવિત્ર કરનાર કહેલો છે અર્થાત્ તે જગત્ માત્રને પોતે પવિત્ર કરે છે એમ પ્રાચીન જ્ઞાની મનુષ્યો કહે છે માત્ર મંત્ર ગ્રહણથીજ મનુષ્ય નારાયણાત્મક થઇ જેવી રીતે શ્રીપ્રભુ લીલા માત્રથી સર્વને પવિત્ર કરી ઉદ્ધાર કરે છે તેવી રીતે તે પોતાની લીલાથી પુરૂષોના શતશતને પવિત્ર કરે છે અર્થાત્ સો પેઢીના પુરૂષોને પવિત્ર કરી તેમનો ઉદ્ધાર કરે છે ઇત્યાદિ શ્લોકોથી નારદ પંચરાત્રના નવમાધ્યાયમા શ્રીકૃષ્ણમંત્રના સ્મરણ કરનાર વૈષ્ણવ જનનં માહાત્મ્ય વર્ણન કરેલુ છે વળી તેજ અધ્યાયમા

જાણીને કૃપા કરેલી છે અર્થાત્ પોતાના જીવોના ઉદ્ધારાર્થજ પોતે કૃપા કરીને આ અષ્ટાક્ષરનું દાન શરૂ કરેલું છે. કે જે શ્રીકૃષ્ણ તાત્પર્યજ છે. એમ વૈષ્ણવોએ સમજવુ વેદમા, પુરાણમા તેમજ શ્રીમહાભારત પ્રભૃતિ શાસ્ત્રોમા જે મહાવાકય તેજ શ્રીપરમકૃપાલુ આચાર્ય ચરણ શ્રીવલ્લભાધીશજીનુ અર્થ રૂપ વાકય આ **"શ્રીકૃષ્ણઃ શરણ મમ"** મત્ર છે. અર્થાત્ પુરાણમા, વેદમા, મહાભારતાદિ પ્રભૃતિમા શ્રીપ્રભુ મત્રજ સર્વોપરિ વાકય છે અને સર્વત્ર એકજ પ્રતિપાદન કરેલું છે તે સિવાય અન્ય કોઇ ઉત્તમ પ્રતિપાદન કર્યા નથી અને

---

આગળ ૨૭ મા તથા ૩૦ મા શ્લોકમા કહ્યુ છે કે —

**विष्णुमंत्रं यो लभेत् वैष्णवाच्च द्विजोत्तमात् ।**
**कोटीजन्मार्जितात्पापान्मुच्यते नात्र संशय ॥**

વૈષ્ણવથી તેમજ ઉત્તમ દ્વિજથી શ્રીવિષ્ણમત્ર જેણે પ્રાપ્ત કરેલો છે તે કોટિ જન્મના સગ્રહિત પાપોથી મુક્ત થઈ જાય તેમા કોઇ પણ પ્રકારનો સશય નથી

**दर्शनं वैष्णवानांच देवा वाञ्छन्ति नित्यश ॥**
**न वैष्णवात्परं पूतो विश्वेषु निखिलेषु च ॥**

શ્રીભગવદીયજન વૈષ્ણવના દર્શનની દેવતા પણ ઇચ્છા રાખે છે, કારણ કે અખિલ વિશ્વમા શ્રીભગવદીયજન વૈષ્ણવથી અન્ય કોઇપણ વિશેષ પવિત્ર નથી અર્થાત્ વૈષ્ણવ સર્વથી શ્રેષ્ટ પવિત્ર છે ઇત્યાદિ અનેક સ્થળે વર્ણવેલુ છે

તેથીજ પોતે પણ શાસ્ત્રોમાથી સાર[1] સંગ્રહ કરી આ શ્રીપ્રભુનો ઉત્તમ મંત્ર પોતાના ભક્તોના હિતને વાસ્તે વેદ[2] સંમતજ પ્રગટ કરેલો છે. શ્રીઅષ્ટાક્ષર કલ્પિત નથી, કિન્તુ શાસ્ત્રોક્તજ છે–૧૪–૧૫–૧૬–૧૭ ઇતિ શ્રીઅષ્ટાક્ષર નિરૂપણનુ ભાષાન્તર સપૂર્ણ.

## સારાંશ અથવા વિવેચનનો સિધ્ધાંત—

ઉપર પ્રમાણે માહાત્મ્યવાન્ આ અષ્ટાક્ષર શરણ મંત્ર છે. માટે શ્રીગુરૂ કૃપાથી પ્રાપ્ત થયેલા આવા અષ્ટાક્ષર મત્રનું સ્મરણ કોઇ સમયે ત્યાગ કરવું ન જોઇએ. કારણ કે શ્રીઅષ્ટાક્ષરજ સર્વથી ઉત્તમ અને સર્વશાસ્ત્રોનુ તત્વ

---

१ **गृहाण मम मंत्रञ्च कृष्ण इत्यक्षरद्वयं ।**
**सर्वेषामेव मंत्राणां सारात्सारतरं परम् ॥**

શ્રીબ્રહ્મવૈવર્ત્ત પુરાણમા શ્રીકૃષ્ણ જન્મ ખડમા શ્રીપ્રભુએ પોતે આજ્ઞા કરી છે કે–મારો કૃષ્ણ એ બે અક્ષરોનો મત્ર ગ્રહણ કર સર્વ મત્રોના સાર એજ બે અક્ષરો છે

२ **शृणु ब्रह्मन् कृष्णमंत्रात् सर्ववेदैकसंमतान् ।**
**यदेकज्ञानमात्रेण पुनर्जन्म न विद्यत इति वचनात् ॥**

હે બ્રહ્મન્ વેદ સમત શ્રીકૃષ્ણ મત્રોનુ શ્રવણ કર કે જે એકના જ્ઞાન માત્રથી પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી ઇત્યાદિ ગૌતમ તત્રમા ૨૧ મા અધ્યાયના શ્લોક બીજાથી શ્રીકૃષ્ણ મત્ર વેદ સમત તથા પુનર્જન્મ નિવૃત્તિ કરનાર બતાવેલા છે

છે. તો એવી તત્વ રૂપ વસ્તુ કે સહજ હસ્તગત થઇ છે તેને પોતાની અજ્ઞાનતાથો કદી પણ ખોવી નહીં.

શ્રીઅષ્ટાક્ષર કે જેને શરણ મત્ર કહીએ છીએ તેજ આ "**શ્રીકૃષ્ણઃ શરણં મમ**" મત્ર શ્રીપ્રભુ પ્રાપ્તિ કરવામા સાધન રૂપ છે. શ્રીપ્રભુને શરણ જવું એજ સર્વનુ મુખ્ય તેમજ વિશેષે કરી ભગવદીયોનુ કર્ત્તવ્ય છે. કારણ કે શ્રીપ્રભુ સર્વના સ્વામિ છે. જીવ શ્રીપ્રભુનો દાસ છે. યથા "**जीवस्तु सहजो दास**" સેવકે સ્વામિની સદા આધીન થઇ સેવા કરવી જોઇએ. કારણ કે સ્વામિ સેવકનો તેજ સબધ છે. શરણુતાજ શ્રીપ્રભુ પ્રાપ્તિ કરવાનો સરલ ઉપાય છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામા પણ શ્રીપ્રભુએ અર્જુનને "સર્વ ત્યાગ [1]કરી મને શરણ આવ" હુ તને સર્વ પાપોથી મુક્ત કરીશ એ પ્રમાણે શરણુતાનોજ અતિમ મહદુપાય રૂપ ઉપદેશ કરેલો છે. વળી શ્રીપ્રભુ પોતાને શરણ આવેલાને પોતાની કૃપાએ કરી ઐહિક તથા પારલૌકિક સુખ પ્રાપ્ત કરાવે છે. તેમજ તેનુ સંરક્ષણ પોતેજ કરે છે. તેને પોતાનો પ્રાયઃ સમજીને કોઇ પણ સમયે ત્યાગ કરતા નથી. શ્રીમદ્‌ભાગવતમા પોતે આજ્ઞા કરી છે કે "જેઓ

---

**१ सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुच ॥**
गी. अ. १८

[1]स्त्री, गृह, पुत्र, आप्त, प्राण, वित्त वगेरेनो त्याग करीने मने शरण आवेला छे, तेमने हु केवी रीते त्याग करु ?"

श्रीप्रभुना नाम विना आवु प्रबल प्रतापी साधन पण आ भव रूपी दुःख समुद्रने तरवानु बीजु कोइ पण छे नही श्रीप्रभुनु स्मरण एज सर्वोपरि छे. हास्यथी अथवा [2]हेलनथी कोई पण प्रकारथी श्रीप्रभुनुं नाम मुखमाथी बोलवामा आवे तो ते सर्व पापने हरण करे छे. तेमज अज्ञानथी अथवा ज्ञानथी पण श्रीप्रभुना नामनु स्मरण कर्यु होय तो तेथी सर्व पाप भस्म थई जाय छे

माटे हरेक प्रिय भगवदीयजन महाशयोए तेमज दरेक मनुष्ये श्रीपरमकृपालु श्रीआचार्य चरणोद्वारा श्रीअष्टाक्षरादि श्रीप्रभु मत्रनी दीक्षा प्राप्त करी ते द्वारा

---

१ ये दारागार पुत्राप्तान् प्राणान्वित्तमिमं परम् ।
हित्वा मां शरणं याता कथं तांसक्तुमुत्सहे ॥
श्रीमद्भा न स्कं. अ ४ श्लो ६५

२ सांकेत्यं पारिहास्य वा स्तोभ हेलनमेववा ।
वैकुण्ठनामग्रहणमशेषाघहरं विदु ॥ १३ ॥

३ अज्ञानादथवा ज्ञानादुत्तमश्लोकनाम यत् ॥
सकीर्त्तितमघं पुंसां दहेदेधो यथानल ॥ २४ ॥
श्रीमद्भा० ष. स्कं. अ २

પોતાનુ કલ્યાણ કરવુ જોઇએ. શ્રીઆચાર્ય ચરણોદ્વારાજ મત્ર ગ્રહણ કરી શ્રીપ્રભુ સેવા સ્મરણ કરવામા માત્ર કારણ એ છે કે તે વિના મત્ર સિદ્ધિ પ્રાપ્ત થતી નથી તેમજ તેનાથી શ્રીપ્રભુની ભક્તિ પણ પ્રાપ્ત થાય નહિ તથા વૃદ્ધિને પણ પામેજ નહી. શ્રીનારદ પચરાત્ર દ્વિતીયાધ્યાય દ્વિતીય રાત્રમા શ્રીમહાદેવજીનુ કથન છે કે —

**गृह्णाति भक्तो भक्त्याच कृष्णमंत्रञ्च वैष्णवात् ।**
**अवैष्णवाद्गृहीत्वाच हरिभक्तिर्न वर्द्धते ॥ १२ ॥**

ભક્તિપૂર્વક ભક્ત મનુષ્ય વૈષ્ણવદ્વારાજ શ્રીકૃષ્ણ મત્રને ગ્રહણ કરે છે ( ગ્રહણ કરવો જોઇએ ) અવૈષ્ણવથી ગ્રહણ કરવામા શ્રીપ્રભુ ભક્તિ વૃદ્ધિ થતી નથી આ સ્થળે કોઇ શકા કરે કે ઉપર પ્રમાણે કથનાનુસાર વૈષ્ણવથી મત્ર ગ્રહણ કરવો જોઇએ પછી શ્રીઆચાર્યોદ્વારાજ ગ્રહણ કરવો તેનું કારણ શુ ? આ સ્થલે માત્ર હરેક કોઇથી શ્રીપ્રભુનો મત્ર ગ્રહણ ન કરવો કેવળ વૈષ્ણવદ્વારાજ કરવો એ કથન અવૈષ્ણવનો નિષેધકર્ત્તા રૂપથી દર્શાવેલો છે. પરન્તુ જ્યા દીક્ષા ગ્રહણ કરવા વિષયમા સપ્રદાય પુરસ્સરજ શ્રીગુરૂનો આશ્રય લઇ મત્રદીક્ષા પ્રાપ્ત કરવી જોઇએ એવુ બતાવેલુ છે અને વળી સદ્ગુરૂ લક્ષણુ વિષયમા વૈષ્ણવ સપ્રદાયના સિદ્ધાત રૂપ ગુરૂનું લક્ષણ બતાવેલું છે ત્યા

ખુલાસા માલુમ પડે છે કે મંત્ર દીક્ષા શ્રીઆચાર્યોદ્ધારાજ પ્રાપ્ત થઇ શકે અને તે ઉપરથી આ ઠેકાણે પણ તેવીજ રીતે સમજવાનું છે માત્ર અવૈષ્ણવ સર્વગુણ સંપન્ન ગુરૂ કરવા યોગ્ય પ્રતાપથી પૂર્ણ હોય તોપણ ગુરૂ કરવો નહીં. અર્થાત્ વૈષ્ણવાચાર્ય વિના કૃષ્ણ મંત્રની દીક્ષા પ્રાપ્ત કરવી નહી અર્થાત્ વૈષ્ણવાચાર્ય વિના કૃષ્ણ મંત્રની દીક્ષા પ્રાપ્ત કરવા યોગ્ય પ્રતાપથી પૂર્ણ હોય તોપણ ગુરૂ કરવો નહી. અર્થાત્ વૈષ્ણવાચાર્ય વિના કૃષ્ણ મંત્રની દીક્ષા પ્રાપ્ત કરવી નહી આચાર્ય, એ શ્રીપ્રભુ સ્વરૂપજ છે યથા. **आचार्य मां विजानीयात्** ॥ એક સાધારણ નિયમ છે કે નિર્ધન મનુષ્ય અન્યને પોતાની દ્વારા ધનવાન્ કરવા અસમર્થજ છે. જ્યારે મંત્રદાતા પોતેજ તે મંત્રોથી અનુભૂત થયેલો નથી. તો તેની દ્વારા પ્રાપ્ત મંત્રથી મંત્ર ગ્રહણ કર્ત્તા દ્વિતીય પુરૂષને તે મંત્ર સિદ્ધ શીરીતે થઇ શકે? કારણ કે મંત્ર દાતા પોતેજ મંત્ર સિદ્ધભૂત પ્રત્યક્ષ હોવો જોઇએ જેવી રીતે શ્રીમહાદેવજીએ પોતાને મંત્રસિદ્ધિ વર્ણન કરેલી છે. અને તેથીજ અવૈષ્ણવ ગુરૂનો નિષેધ દર્શાવેલો છે શ્રી પદ્મપુરાણમા દર્શાવેલુ છે કેઃ—

**“ सहस्रशाखाध्यायीच सर्वयज्ञेषु दीक्षितः ।**
**कुले महति जातोऽपि नगुरुः स्यादवैष्णवः ॥”**

સહસ્ર વેદની શાખાઓનો અધ્યયન કરનારો સર્વ યજ્ઞોમાં

દીક્ષિત તથા મહત્કુલમા ઉત્પન્ન થએલો એવો ઉત્તમ પવિત્ર પણ યદિ અવૈષ્ણવ હોય તો તે ગુરૂ ન થાય. અર્થાત્ સર્વગુણ સંપન્ન પણ યદિ અવૈષ્ણવ ગુરૂ કરવો નહી. કારણ કે સર્વશુભ ગુણયુક્ત મનુષ્યપણ અવૈષ્ણતાથી મહાદૂષિત બતાવેલો છે. તેને માટે ભવિષ્ય પુરાણમા નીચે પ્રમાણે દર્શાવેલું છે.--

विद्याविनयसंपन्ना विशालकुलसंभवाः ।
विष्णुभक्तिविहीना ये चांडालसदृशा स्मृताः ॥
रुपलावण्यसंयुक्ता महावंशोद्भवा द्विजाः ।
अवैष्णवा न शोभन्ते निर्गंधा इव किंशुकाः ॥

વિદ્યાવિનય સંપન્ન વિશાલકુલમા ઉત્પન્ન થયેલાઓ શ્રીવિષ્ણુભક્તિથી રહિત જેઓ છે તે ચાંડાલ સદૃશ સમજવા. રૂપ લાવણ્ય સંયુક્ત મોટા વંશમા ઉત્પન્ન થયેલા દ્વિજો પણ નિર્ગંધ કિંશુક (કેસુડા)ની પેઠે અવૈષ્ણવતાથી શોભતા નથી. ખાખરાનું પુષ્પ (કેસુડું) જેમ રૂપ રંગમા ઉત્તમ હોવા છતા સુગંધ ગુણથી રહિત શોભતું નથી તેમ તેઓ રૂપ લાવણ્યતાવાળા પણ અવૈષ્ણવ હોવાથી શોભતા નથી વળી તેજ વિષયમા શ્રીમદ્ભાગવત સપ્તમ સ્કંધ નવમા ધ્યાયના શ્લોક ૧૦ મા નીચે પ્રમાણે કહેલું છે--

विप्राद्द्विषड्गुणयुतादरविन्दनाभपादारविन्दविमुखाच्छ्वपचं वरिष्ठमित्यादि वाक्यैः ॥

ષડ્‌ગુણયુક્ત બ્રાહ્મણ કે જે શ્રીપ્રભુ ચરણારવિંદથી વિમુખ હોય તેનાથી શ્વપચ પણ શ્રેષ્ઠ છે કે જે શ્રીપ્રભુનો ભક્ત હોય ઇત્યાદિ વચનોથી પણ નિષેધ દર્શાવેલો છે તેમજ વળી હારીત સ્મૃતિમા પણ અનેક પ્રકારથી નીચે પ્રમાણે નિષેધ બતાવેલો છેઃ—

**अवैष्णवस्थापितानां प्रतिमानांच वंदनं ।**
**यः करोति स मुढात्मा रौरवं नरकं व्रजेत् ॥**
**तस्मादवैष्णवान् विप्रान् न कर्मणि नियोजयेत् ।**
**महाभागवतं तत्र अर्चायां वरयेत्सुधीः ॥**

અવૈષ્ણવની સ્થાપિત કરેલી પ્રતિમાનુ જે વદન અર્ચન કરે છે તે મૂઢાત્મા રૌરવ નરકમા પ્રાપ્ત થાય છે અને તથી કરીને અવૈષ્ણવ વિપ્રોને તેવા કાર્યામા યોજન કરવા નહીં. બુદ્ધિમાન મનુષ્યે શ્રીપ્રભુના ભક્ત મહાભાગવતને તેવા કાર્યમા ( અર્ચનાદિમા ) વરણ કરવા જોઇએ શ્રીપુરૂષોત્તમ માહાત્મ્યના ૨૩ મા અધ્યાયમા શ્લોક ૧૯ માથી આરભી કેટલાક શ્લોકોદ્વારા અવૈષ્ણવ દૂષિત વર્ણન કરેલુ છે યથાઃ—

**अगस्त्य उ० चित्रबाहो महाभाग धन्यस्त्वं सांप्रत नृप ।**
**इमा धन्या प्रजाः सर्वा यास्त्वं रक्षसि वैष्णव ॥**
**तस्मिन्राष्ट्रे न वस्तव्यं यस्य राजा न वैष्णवः ।**

वरोवासो वने शून्ये न तु राष्ट्रे ह्यवैष्णवे ॥
चक्षुर्हीनो यथादेहः पतिहीना यथाप्रिया ।
निरक्षरो यथा विप्रस्तथा राष्ट्रमवैष्णवम् ॥
दंतहीनो यथा हस्ती पक्षहीनो यथा खगः ।
द्वादशीदशमी विद्धा तथाराष्ट्रमवैष्णवम् ॥
दर्भहीना यथा संध्या तिलहीनश्च तर्पणं ।
वृत्त्यर्थं देवसेवाच तथा राष्ट्रमवैष्णवम् ॥
सकेशा विधवायद्वत् व्रतं स्नानविवर्जितं ।
शूद्रश्च ब्राह्मणीगामी तथा राष्ट्रमवैष्णवम् ॥
सराजा प्रोच्यते सद्भिर्यः श्रीकृष्णपदाश्रयः ।
तद्राष्ट्रं वर्द्धते नित्यं सुखी भवति तत्प्रजा इत्यादि ॥

અગસ્ત્યજી કહે છે કે હે ચિત્રબાહુ મહાભાગ તને ધન્ય છે તેમજ આ પ્રજા સર્વને ધન્ય છે કે જેની તારા જેવા મહાભાગ વૈષ્ણવ રક્ષણ કરે છે, તે રાજ્યમા રહેવુ ન જોઇએ કે જેનો રાજા વૈષ્ણવ ન હોય. શૂન્ય વનનો વાસ ઉત્તમ છે પરતુ અવૈષ્ણવ રાષ્ટ્રનો વાસ સારો નહિં, નેત્ર વિનાનો દેહ, તથા પતિ વિના પ્રિયા તથા નિરક્ષર (મૂર્ખ) વિપ્ર કઈ કામના ગણાતા નથી તેવીજ રીતે અવૈષ્ણવ રાષ્ટ્ર પણ સમજવુ-જેમ દાત વિનાનો હસ્તી, તથા પાખો વિનાનુ

પક્ષી તથા દશમી વિદ્ધાદ્વાદશી શોભતી નથી તેમજ અવૈષ્ણવ રાષ્ટ્ર પણ શોભતુ નથી, જેવી રીતે દર્ભ વિનાની સંધ્યા તથા તલ વિનાનુ તર્પણ તથા વૃત્તિને અર્થે શ્રીપ્રભુ (દેવ) સેવા દોષિત છે તેવી રીતે અવૈષ્ણવ રાષ્ટ્ર પણ સમજવુ જેમ વિધવા નારી કેશ રાખેલી હોવાથી નિંદીત છે. તેમજ સ્નાન વિનાનુ વ્રત નિરર્થક છે તથા શૂદ્ર બ્રાહ્મણની સ્ત્રી સાથે ક્રીડા કરવાથી દોષિત ગણાય છે તેવી રીતે અવૈષ્ણવ રાષ્ટ્ર પણ છે. રાજા એજ સારો ગણાય છે કે જે શ્રીકૃષ્ણના ચરણાર્વિંદનો આશ્રયી હોય અને તેનુ રાજ્ય નિત્ય વૃદ્ધિને પામે છે તથા તેની પ્રજા પણ સુખી થાય છે ઈત્યાદિ અનેક સ્થલે અવૈષ્ણવત્વ નિષેધ વર્ણન કરેલો છે. માટે શ્રીગુરૂદ્વારા શ્રીપ્રભુ મંત્રની દીક્ષા પ્રાપ્ત કરી અવશ્ય વૈષ્ણવત્વ પ્રાપ્ત કરવુ જોઇએ કે જેથી શ્રીપ્રભુની સેવાસ્મરણાદિમા હાની ન આવે

શ્રીપ્રભુની સેવાસ્મરણ ઇત્યાદિકજ સર્વોપરિ છે. અને તેનાથીજ કલ્યાણ થાય છે શ્રીનારદપંચરાત્ર દ્વિતીયાધ્યાય દ્વિતીયરાત્રમા શ્રીમહાદેવજીએ નીચે પ્રમાણે કહ્યુ છેઃ—

**स्मरणं कीर्त्तनं चैव वंदनं पादसेवनं ।**
**पूजनं सततं भक्त्या परंस्वात्मनिवेदनम् ॥**

સ્મરણ કીર્ત્તન તથા વંદન, પાદસેવન અને પૂજન

તેમજ પર આત્મનિવેદન સતત ભક્તિએ કરી કરવું જોઇએ એ ઉત્તમ છે. હરેક સમયે આ પોતાનું કર્ત્તવ્ય કરવું જોઇએ કોઇપણ સમયે ત્યાગ કરવુ નહીં, વૈષ્ણવ પણ એજ છે કે જે સદા શ્રીપ્રભુના મંત્રો મુખદ્વારા જપ્યા કરે. શ્રીઅષ્ટાક્ષરાદિ પ્રભુના મંત્રોજ અનાદિથી વૈષ્ણવતાનું ભૂષણ અને ઉત્તમોત્તમ વર્ણવેલા છે. જેવી રીતે શાસ્ત્રકારોએ કહેલું છે —

**सदीक्षावाधि सन्यासं समंत्रं द्वादशाक्षरं ।**
**अष्टाक्षरमथान्यं वा ये मंत्रं समुपासते ॥**
**ज्ञेयास्ते वैष्णवा लोके विष्णवर्चनरताःसदा ॥**

દીક્ષાસહ તેમજ સન્યાસ મંત્રસહ દ્વાદશાક્ષર અથવા અષ્ટાક્ષર અથવા તેવા અન્ય મંત્રોની જે ઉપાસના કરે છે તેજ શ્રીપ્રભુ સેવાપરાયણ વૈષ્ણવો ( ભગવદ્દભકતો ) જાણવા. અર્થાત આ મંત્રો દ્વારાજ વૈષ્ણવોની ઓળખાણ છે.—

વળી આ અષ્ટાક્ષરાદિ શ્રીપ્રભુ ( કૃષ્ણ ) ના મંત્રો ઉત્તમોત્તમ છે તેનું કારણ એ છે કે આ મંત્રોના જપાદિકમા સિદ્ધ થવા માટે યુગ કાલાનુક્રમ સંખ્યા પણ બતાવી નથી અર્થાત્ જેવી રીતે શાસ્રોમા લખે છે કે સતયુગમા લક્ષ જપ કરવાથી તથા ત્રેતામા બે લક્ષથી દ્વાપરમા ત્રણ લક્ષથી અને કલિયુગમા ચાર લક્ષ જપ કરવાથી મંત્ર-

સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પરન્તુ શ્રીપ્રભુ મંત્ર આ અષ્ટાક્ષરાદિ તે પોતે સિદ્ધરૂપજ છે અને તેથી તેમા યુગ સંખ્યા પરિશ્રમ પણ કરવો પડતો નથી. ગૌતમ તંત્રના અધ્યાય ૩૦ માના શ્લોક ૫૮ મામા નીચે પ્રમાણે દર્શાવેલુ છે—

कृष्णमंत्रेषु विप्रर्षे युगसंख्या न विद्यते ॥
जपतर्पणसेकाद्यैः सिद्ध्यन्ति कृतसंख्यया ॥
सिद्धमंत्रतया नात्र युगसेवा परिश्रमः ॥

હે વિપ્રર્ષિ ! કૃષ્ણમંત્રોમા યુગ સંખ્યા કહેલી નથી. અન્ય મંત્રો જપ તર્પણાદિ તથા યુગ સંખ્યાથી સિદ્ધ થાય છે. આ મંત્રો સિદ્ધ મંત્ર હોવાથી યુગ સેવારૂપ સંખ્યાક્રમનો પરિશ્રમ શ્રીકૃષ્ણ મંત્રોમા છેજ નહીં ઉપર પ્રમાણે મંત્ર સ્મરણદ્વારા પ્રાપ્ત ભક્તિથીજ પ્રભુ પ્રસન્ન થાય છે તે વિના અન્ય કોઈ રીતથી પ્રભુ પ્રસન્ન થતા નથી. અને પ્રભુની અપ્રસન્નતામા સંસારનું દુઃખ નિવૃત્ત થઇ સુખ પણ પ્રાપ્ત થતું નથી. પુનઃ પુનઃ જન્મ મરણ દુઃખજ ભોગવવુ પડે છે. અને તેમાને તેમા શ્રીપ્રભુની પ્રાપ્તિ વિના અધમ રીતથી અનેક કાલ સુધી દુઃખજ સહન કરવું પડે છે. શ્રીમદ્ભગવદ્ગીતામા શ્રીપ્રભુએ નીચે પ્રમાણે આજ્ઞા કરી છે—

क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ।
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ॥
मामप्राप्यैव कौंतेय ततो यांत्यधमां गतिम् ॥

શ્રીપ્રભુભક્તિ હીન અશુભોને વાસ્તે પોતે અર્જુનને આજ્ઞા કરે છે કે હે કૌંતેય હુ તેવા અશુભોને આસુરી યોનિમા નાખુ છુ અને એ મૂઢો જન્મ જન્મમા આસુરી યોનિને પુન. પુનઃ પ્રાપ્ત કરી અને તેમા હુ તેમને અપ્રાપ્ત થવાથી અર્થાત્ મને પ્રાપ્ત ન કરીને તેઓ અધમ ગતિને પ્રાપ્ત થાય છે.

માટે અધમગતિ પ્રાપ્ત ન થતા શ્રીપ્રભુપ્રાપ્તિ કરાવનાર આ અષ્ટાક્ષરાદિ મહામન્ત્રોનુ જરૂર સેવન કરવુ. શ્રીપ્રભુસ્મરણ કદી પણ નિરર્થક થતું નથી શ્રીભાગવતમા કહેલું છે કે દ્વેષથી, કામથી, ક્રોધથી, ભયથી, સ્વજન સબધથી, ભક્તિ કોઇ પણ રીતે પ્રભુ નામસ્મરણ કરનાર પ્રભુને પ્રાપ્ત થાય છે જેવી રીતે કામથી શ્રીગોપીજનો, ભયથી કસાદિક, દ્વેષથી શિશુપાલાદિ સ્વજન સબધથી યુધિષ્ટિરાદિ, અને ભક્તિથી નારદ પ્રભૃતિ શ્રીપ્રભુને પ્રાપ્ત થયા, જ્યારે કોઈ પણ રીતે કરેલું પ્રભુસ્મરણ નિરર્થક થતું નથી. તો પછી સપ્રદાય પુરસ્પર દીક્ષા લઇ ઉત્તમ મન્ત્રોદ્વારા શ્રીપ્રભુને શરણ જઈ કરેલા શ્રીપ્રભુસ્મરણ દ્વારા ભગવદીયો શ્રીપ્રભુને પ્રાપ્ત થાય તેમા આશ્ચર્યજ શુ ? લઘુ અત્રિ સ્મૃતિના નવમા ધ્યાયમા નીચે પ્રમાણે કહેલું છેઃ—

**विद्वेषादपि गोविंदं दमघोषात्मजः स्मरन् ।**
**शिशुपालो गतः स्वर्गं किंपुनस्तत्परायणः ॥**

દ્વેષથી પણ શ્રીગોવિંદ (પ્રભુ)નું સ્મરણ કરી દમઘોષનો પુત્ર શિશુપાલ સ્વર્ગમા પ્રાપ્ત થયો (ગયો) તો શ્રદ્ધાથી જેઓ શ્રીપ્રભુને શરણ ગયેલા શ્રીપ્રભુપરાયણ છે તે પ્રાપ્ત થાય તેમા આશ્ચર્ય શુ ?

ઉપર પ્રમાણે વિવેચન અને શાસ્ત્ર સિદ્ધાંતોથી ખુલાસા માલુમ પડે છે કે શ્રીપ્રભુસ્મરણ એજ ઉત્તમોત્તમ છે કોઇ પણ પ્રકારથી શ્રીપ્રભુનુ સ્મરણ ત્યાગ ન કરવુ જોઇએ અને તેથીજ શ્રીપ્રભુસ્મરણાત્મક શ્રીઅષ્ટાક્ષરાદિ મહામંત્રનુ દાન શ્રીઆચાર્યચરણોએ કરેલું છે કે જે દ્વારા હરેક શ્રીપ્રભુને પ્રાપ્ત કરી શકે. આ કલિના પ્રભાવને જોઇને તેમજ મંદમતિ તથા થોડા આયુષ્યવાળા, મંદભાગ્ય, આ સમયના જીવોના ઉદ્ધારાર્થે શ્રીપ્રભુસ્મરણરૂપી શરણાત્મક શ્રીઅષ્ટાક્ષર હિરણ્યગર્ભની મહામાત્રા સાંસારિક મોહમાયાના સ્નેહાત્મક સન્નિપાતથી ગૃસિત જીવોને બચાવવા આચાર્યચરણ ચક્રચુડામણિ પ્રભુ શ્રીવલ્લભાધીશે કૃપા કરીને કર્મ, જ્ઞાન, કાષ્ટૌષધો સેવન ન કરાવતા શીઘ્ર ગુણકારી શાસ્ત્ર રસોદ્ધારા સિદ્ધ કરેલી આપણને સહજ ઉપકારાર્થે પોતાની ઉદારતાથી પ્રદાન કરેલી છે. તેનો દરેક મનુષ્યે આ ભવમાયા સન્નિપાતથી બચવા અને જીવીતરહી સુખ ભોગવવા અર્થાત્ ભવમાયાથી નિવૃત્ત થઇ વિરક્ત દશામા સ્થિર થઇ શ્રીપ્રભુ સંબંધી સુખ ભોગવવા અવશ્ય ઉપયોગ કરવોજ જોઇએ. જેમણે તે શ્રીપ્રભુ મંત્રરૂપી માત્રાનો ઉપયોગ કરેલો છે તેઓ જેવા કે અમ્બરીષ, જનક,

પ્રિયવૃત, ધ્રુવ પ્રભૃતિ તથા ચાલતા જમાનાના થઈ ગયેલા પૂજ્ય શ્રીપરમ ભગવદીય બસેબાવન તથા ચોરાશી પ્રભૃતિ લૌકિક મોહમાયા સન્નિપાતથી જરૂર વંચિતથયેલા છે. અને જે ઉપયોગ કરે છે તેને જરૂર સાફલ્યતાંના અનુભવ પણ પ્રાપ્ત થાય છે. તો આ અનુભવસિદ્ધ માત્રારૂપી શ્રીઅષ્ટાક્ષરને કોઇપણ સમયે મુખરૂપી અથવા હૃદયરૂપી મંજુષાથી પૃથક્ નજ કરવી જોઇએ કારણ કે અમૂલ્ય અને દુષ્પ્રાપ્ય છે. માત્ર શ્રીપરમ કૃપાલુ આચાર્યચરણ વૈદ્યવર શ્રીવલ્લભાધીશજીની કૃપાથીજ પ્રાપ્ત થયેલી છે. યદિ તે ઉપરાંત કોઇ તેનો ત્યાગ કરે તો તે તેની અજ્ઞાનતાનુંજ કારણ છે માત્ર (શ્રીઅષ્ટાક્ષર) અથવા વૈદ્યવર (શ્રીવલ્લભાધીશજી) માં કોઇપણ પ્રકારનું દૂષણ છેજ નહી.

સારાંશ સર્વનો એ છે કે અષ્ટાક્ષર "**શ્રીકૃષ્ણઃ શરણં મમ**" એજ સર્વ શાસ્ત્રોંના સાર છે, તત્ત્વ પણ તેજ છે. તેનાથી સર્વ સિદ્ધિ થાય છે. શ્રીપ્રભુ પણ તેનાથીજ પ્રાપ્ત થાય છે ટુંકામા ઐહિક અને પારલૌકિક ઉભય તેનાથીજ પ્રાપ્ત થાય છે. અને તેથી તે અવશ્ય સ્મરણ કરવા યોગ્ય છે. દરેકે તેને પ્રાપ્ત કરવો જોઇએ અને પ્રાપ્ત કરી શ્રદ્ધાથી સ્મરણ કરવું જોઇએ કે જેથી આ દુઃખ સમુદ્રમાથી નિવૃત્ત થઇને શ્રીપ્રભુચરણરૂપ ઉત્તમ સુખરૂપ સ્થાન પ્રાપ્ત કરી કૃતાર્થ થઇ શકે

**॥ ઇતિ શુભમ્ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ॥**

# श्रीअष्टाक्षरार्थनिरूपण ।

તે [1]શ્રીવિઠ્ઠલને નમું, ધરીને ભાવ અપાર,
શૂન્યજનોને જ્ઞાનથી, શરણે જે લેનાર. ૧
કૃષ્ણ કૃષ્ણ શ્રીકૃષ્ણ નામને, ભાવધરીને ભજનારા,
સત્ય સત્યને સત્ય કહુંછુ, પરમ ધામ તે જાનારા. ૨
સદા સ્મરે જે કૃષ્ણ નામને, યમ તેને શુ કરી શકે,
ભસ્મ થાય સહુ સ્વલ્પકાલમા, પાપપુંજ પણ નહિ ટકે. ૩
"**શ્રીકૃષ્ણ શરણં મમ**" એમજ, મહામંત્રને સદા સ્મરે,
અષ્ટાક્ષર જપનારા જનથી, પાપપુંજ પણ બહુ ડરે. ૪
**શ્રી**સૌભાગ્ય સદા દેનારો, કૃ એ પાપના શોષક છે,
ષ્ણ એ તાપત્રિવિધ હરનારો, **શ** કાર યોનિ નાશક છે. ૫
**ર**કાર જ્ઞાનનુ દાન કરેને, **ણ**કાર ભક્તિ કરનારો,
**મ**કાર પહેલો ગુરૂભક્તિ દે, દ્વિતીય સાયુજ દેનારો. ૬
આ વિઠ્ઠલ આજ્ઞા મહિ, ધરિને અતિશય પ્રેમ,
અષ્ટાક્ષર જપવા થકી, થશે જીવનું ક્ષેમ. ૭
અન્ધકારમય જગતમા, કરવા શ્રેષ્ટ ઉજાસ,
અષ્ટાક્ષરના અર્થનો, કીધો સત્ય પ્રકાશ. ૮
આગ્રસૂત આદેશમા, આણીને વિશ્વાસ,
દેહ ગેહ ચિન્તા તજી, તજી અન્યની આશ. ૯

હનુમાનઘાટ–કાશી
તા ૫-૭-૧૯૧૦ } **માધવજી ખીમજી શર્મા.**

---

૧ विद-ज्ञाने। ठान्-शून्यान् लातीति विट्ठ

# श्रीकृष्णाश्रयः ।

सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणी ।
पाखंड प्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥१॥

સર્વ માર્ગ તો નષ્ટ થયેથી, કલિખલ ધર્મનો ધારી છે,
પાખંડથી ભરપૂર લોકમા, કૃષ્ણ તેજ ગતિ મારી છે ૧

म्लेच्छाक्रांतेषु देशेषु पापैकनिलयेषु च ।
सत्पीडाव्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम ॥२॥

મ્લેચ્છાક્રાંત આ દેશ થયેથી, પાપપુંજ અતિ ભારી છે,
સાધુ પીડાથી વ્યગ્ર લોકમા, કૃષ્ણ તેજ ગતિ મારી છે. ૨

गंगादितीर्थवर्येषु दुष्टैरेवावृतेष्विह ।
तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥३॥

ગંગાદિક અતિ શ્રેષ્ઠ તીર્થમા, દુષ્ટજનો અધીકારી છે,
આધિદૈવિક અંતર્ધ્યાનમા, કૃષ્ણ તેજ ગતિ મારી છે ૩

अहंकारविमूढेषु सत्सु पापानुवर्तिषु ।
लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ॥४॥

પાપાનુવર્તનથી સજ્જન પણ, મૂઢ અને અહંકારી છે;
યત્ન શીલ સહુ લાભ પૂજામા, કૃષ્ણ તેજ ગતિ મારી છે ૪

अपरिज्ञाननष्टेषु मंत्रेष्वव्रतयोगिषु ।
तिरोहितार्थदैवेषु कृष्ण एव गतिर्मम ॥५॥

યોગી થયા વૃત ટેક વિનાના, મંત્ર શક્તિ પણ હારી છે;
નાશ અર્થ ને ભાગ્યતણો ત્યાં, કૃષ્ણ તેજ ગતિ મારી છે. ૫

नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु ।
पाखंडैकप्रयत्नेषु कृष्ण एव गतिर्मम ॥६॥

અનેક વાદથી ભ્રમિત કર્મમાં, વૃત્તી જનોની ભારી છે,
યત્ન એક પાખંડ તણો ત્યાં, કૃષ્ણ તેજ ગતિ મારી છે. ૬

अजामिलादिदोषाणां नाशकोऽनुभवे स्थितः ।
ज्ञापिताऽखिलमाहात्म्यः कृष्ण एव गतिर्मम ॥७॥

અજામિલાદિકની મલિનતા, જેણે કૃપાથી સંહારી છે;
મહાત્મ્ય સર્વના પ્રકટ કરતા, કૃષ્ણ તેજ ગતિ મારી છે. ૭

प्राकृताः सकलादेवा गणितानंदकं बृहत् ।
पूर्णानंदो हरिस्तस्मात्कृष्ण एव गतिर्मम ॥ ८ ॥

પ્રાકૃત સવદેવ મંડળો, ગણ્યો આનંદ દેનારી છે,
પૂર્ણાનંદના દાતા પ્રભુ તેથી, કૃષ્ણ તેજ ગતિ મારી છે ૮

विवेकधैर्यभक्त्यादिरहितस्य विशेषतः ।
पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्मम ॥९॥

વિવેક ધૈર્યનો ધ્વંસ થયો છે, ભક્તિ પણ નહિ ધારી છે,
પાપાસક્ત અતિદીન જનને, કૃષ્ણ તેજ ગતિ મારી છે. ૯

**सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् ।**
**शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥१०॥**

સર્વ સામર્થ્ય સહિત દયાલુ, સર્વ અર્થ કરનારાને,
શરણાગતના ઉદ્ધાર કરતા જણાવુ છુ પ્રભુ મારાને. ૧૦

**कृष्णाश्रयमिदं स्तोत्रं यः पठेत्कृष्णसन्निधौ ।**
**तस्याश्रयो भवेत्कृष्ण इतिश्रीवल्लभोऽब्रवीत् ॥११॥**

કૃષ્ણાશ્રય આ સ્તોત્ર તણો જે, પાઠ કરે પ્રભુ પાસે *જાય;
**શ્રીમદ્ વલ્લભ** એમ કહે છે, કૃષ્ણ તણો તેને આશ્રય થાય. ૧૧

ષોડશ ગ્રન્થને પાઠજ કરતા, કૃષ્ણાશ્રયમા મન લાગ્યું,
**માધવ** કહે છે તેજ દિવસથી, અન્યાશ્રયને મે ત્યાગ્યું. ૧૨

૩૬ નેપિયન સી રોડ-મુબઈ.
તા ૧-૨-૧૯૦૮

માધવજી ખીમજી શર્મા.

---

* આ સ્થળે 'જાય" સબ્દ પ્રાસ બેસાડવા માટે મુકેલો છે, પરતુ તેનો અર્થ પ્રભુસમીપમા જઇને જે આ સ્તોત્રનો પાઠ કરે છે તેને શ્રીકૃષ્ણનો આશ્રય સિદ્ધ થાય છે એમ સમજવો

# अथ गुर्जर भाषायां समश्लोकी गोपीगीतम्.

## લલિત છંદ.

**जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ।**
**दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते १**

અધિક શોભતું આપ જન્મથી,
વ્રજ રહી રમા સ્થૈર્ય ધર્મથી,
જીવન સોંપિને આપમા અમો,
દશ દિશા ભમી દર્શ દ્યો તમો. ૧

**शरदुदाशये साधुजातसत्सरसिजोदरश्रीमुषादृशा ।**
**सुरतनाथ तेऽशुल्कदासिका वरद निघ्नतो नेह किं वधः ॥२॥**

શરદ ફુલ્લતા પદ્મ મધ્યથી,
સરસ દૃષ્ટિએ પ્રેમના પતિ,
વગર મૂલ્યની દાસીયો હણો,
[1]વરદ આપ શું ઘાત ના ગણો ? ૨

---

૧ વરદાન.

विषजलाप्ययाद्व्यालराक्षसाद्वर्षमारुताद्वैद्युतानलात् ।
वृषमयात्मजाद्विश्वतोभयादृषभ ते वयं रक्षिता मुहुः ॥३॥

[1]સલિલ ઝેરીથી મૃત્યુ પામતા,
[2]અનિલ વૃષ્ટિથી આગ્રમા જતા,
અવર ભીતિથી [3]વત્સ [4]વ્યોમથી,
જીવન જાળવ્યું નાથ સ્નેહુથી. ૩

न खलु गोपिकानन्दनो भवानखिलदेहिनामन्तरात्मदृक् ।
विखनसार्थितो विश्वगुप्तये सख उदेयिवान्सात्वतां कुले ॥४॥

ન [5]સૂત [6]ગોપીકાના જ આપ છો,
અખિલ પ્રાણિના આત્મરૂપ છો,
વિધિની યાચનાથી યદુ કુલે,
પ્રકટીયા જગત્ [7]ત્રાણ કારણે. ૪

विरचिताभयं वृष्णिधुर्य ते चरणमीयुषां संसृतेर्भयात् ।
करसरोरुहं कान्तकामदं शिरसि धेहि नः श्रीकरग्रहम् ॥५॥

ફરી ન જન્મવા આ જગતમહીં,
ચરણ આપનું સેવતા રહી,
અભય [8]કામદ [9]શ્રીકરગ્રહી,
શિર ધરો [10]કરાંબુજ શ્રીહરિ. ૫

---

૧ પાણી ૨. વટેળીયો ૩. વત્સાસુર દૈત્ય ૪ વ્યોમાસુર દૈત્ય ૫ પુત્ર ૬ યશોદા. ૭ રક્ષણ ૮ ઇચ્છાને પરીપૂર્ણ કરનાર ૯ લક્ષ્મીના હાથને ગ્રહણ કરવાવાળું ૧૦ હસ્તકમળ

व्रजजनार्तिहन्वीर योषितां निजजनस्मयध्वंसनस्मित ।
भज सखे भवत्किंकरीः स्म नो जलरुहाननं चारु दर्शय ॥६॥

વ્રજજનો તણા તિવ્ર તાપને,
[1]મદ [2]સુહાસ્યથી ગર્વ કાપને;
પ્રિય સખા! અમો તારી દાસીયો,
કમળ મુખનું દર્શ તર્ત દો. ૬

प्रणतदेहिनां पापकर्शनं तृणचरानुगं श्रीनिकेतनम् ।
फणिफणार्पितं ते पदाम्बुजं कृणु कुचेषु नःकृन्धि हृच्छयम् ॥७॥

[3]પ્રણુત પ્રાણિના પાપ જે હરે,
ગૃહ રમા પશુ પાછળે ફરે;
પીડિત જેહથી નાગના શિરો,
પદ [5]કુચે ધરો કામને હરો. ૭

मधुरया गिरा वल्गुवाक्यया बुधमनोज्ञया पुष्करेक्षण ।
विधिकरीरिमा वीर मुह्यती रधरसीधुनाप्याययस्व नः ॥८॥

હરતિ ચિત્ત જે જ્ઞાનીના સદા,
મધુર મીઠી જે આપની [6]ગીરા,
મન ખરે હર્યું દાસીયો તણું,
[7]અધરપાન દો વીર હે ઘણું. ૮

---

૧ ગર્વ ૨. ઉલટભેર હસવાથી ૩. નમસ્કાર કરનાર. ૪. નાગની ફણો ૫ છાતી ઉપર ૬ વાણી ૭ અધરામૃતનું પાન

तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहम् ।
श्रवणमङ्गलं श्रीमदाततं भुवि गृणन्ति ते भूरिदा जनाः ॥९॥

જીવન દુ:ખીયાનુજ જે ખરે,
[1]પ્રથિત પાપ હારીજ નામ જે,
[2]શ્રીમદને હરે [3]શ્રુતિએ ઠરે,
જન પવિત્ર તે ભાવથી ભજે  ૯

प्रहसितं प्रिय प्रेमवीक्षणं विहरणं च ते ध्यानमङ्गलम् ।
रहसि संविदो या हृदिस्पृशः कुहक नो मनः क्षोभयन्ति हि १०

નિરખતા પ્રભુ પ્રેમ દ્રષ્ટિએ,
વિહર હાસ્ય જે ધ્યાન રમ્ય છે,
[4]વિજન દેશમા ગુપ્ત વાત જે,
કપટી ચિત્તને વ્યાકુળા કરે  ૧૦

चलसि यद्व्रजाच्चारयन्पशून्नलिनसुन्दरं नाथ ते पदम् ।
शिलतृणाङ्कुरैः सीदतीति नः कलिलतां मनः कान्त गच्छति

વ્રજ થકી પશુ ચારવા જતા,
કઠિન કાકરા ઘાસ ખુચતા,
[5]પદસરોજ જે આપ પ્રેક્ષતા,
મન પીડિત હે નાથજી થતા.  ૧૧

---

૧ વખાણુવા લાયક ૨. લક્ષ્મીમા ગર્વ. ૩. કાનમા. ૪. ઉજડ.
૫ ચરણકમળ

दिनपरिक्षये नीलकुन्तलैर्वनरुहाननं बिभ्रदावृतम् ।
घनरजस्वलं दर्शयन्मुहुर्मनसि नः स्मरं वीर यच्छसि ॥१२॥

દિવસ આથમે ધૂળથી ભર્યું,
શ્યામ વાંકડે વાળ વીંટિયું,
કમળ મુખડું નાથ [1]પ્રેખતા,
હૃદય વ્યાકુળા કામથી થતા. ૧૨

प्रणतकामदं पद्मजार्चितं धरणिमण्डनं ध्येयमापदि ।
चरणपङ्कजं शंतमं च ते रमण नः स्तनेष्वर्पयाधिहन् ॥१३॥

[2]પૂરકભક્ત ઇચ્છા સદા [3]શ્રીયે,
પૂજીત [4]ભૂભૂપા [5]દુખધ્યેય જે,
ચરણ પદ્મ છે માંગલિક જે,
અમકુચે ધરો દુખહારી તે ૧૩

सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्टु चुम्बितम् ।
इतररागविस्मारणं नृणां वितर वीर नस्तेऽधरामृतम् ॥१४॥

અધિક ભોગી જે શોક હારતું,
સ્વરિત વેણુથી પૂર્ણ ચુંબીયું,
મનુજ ભાનને છે ભુલાવતું,
અધર ગાન હે નાથ દ્યો તમે ૧૪

अटति यद्भवानह्नि काननं त्रुटिर्युगायते त्वामपश्यताम् ।
कुटिलकुन्तलं श्रीमुखं च ते जड उदीक्षतां पक्ष्मकृद्दशाम् ॥१५॥

---

૧ જોતા. ૨ પુરાણ કરવાવાળા ૩ લક્ષ્મિએ ૪ પૃથ્વિનું ઘરેણું.
૫ દુખમાં ધ્યાન કરવા યોગ્ય ૬ શબ્દ કરવાવાળી ૭ ચુંબન કરેલ.

વનમહીં ફરો દિવસે તમો,
[1]યુગસમી ક્ષણો જાય છે વહ્યો,
શ્રીમુખ આપનું જોતીઓ હરી,
જડ વિધિ થયો પાપણો કરી. ૧૫

पतिसुतान्वयभ्रातृबान्धवानतिविलङ्घ्य तेऽन्त्यच्युतागता ।
गतिविदस्तवोद्गीतमोहिताः कितवयोषितः कस्त्यजेन्निशि १५

પતિ સુતો સગા ભાઈના કહ્યા,
જરી ન માનતા સર્વ [2]બોધીહે;
ગીતથી મોહીને પાસ આવીયો,
ઠગ, તજે કીયો રાત્રીએ સ્રીયો. ૧૬

रहसि संविदं हृच्छयोदयं प्रहसिताननं प्रेमवीक्षणम् ।
बृहदुरः श्रियो वीक्ष्य धाम ते मुहुरतिस्पृहा मुह्यते मनः ।१७।

વિષય વાત એકાંત માહી જે,
[3]હસિત મુખને પ્રેમ દૃષ્ટિ તો
[4]ઉરવિશાળ શ્રીસ્થાન દેખતા,
મન અધીર થૈ દર્શ ઈચ્છતા. ૧૭

व्रजवनौकसां व्यक्तिरङ्ग ते वृजिनहन्त्र्यलं विश्वमङ्गलम् ।
त्यज मनाक्च नस्त्वत्स्पृहात्मनां स्वजनहृद्रुजां यन्निषूदनम् १८

વ્રજજનો અને જે વને વસે,
વૃજીન હારી જે શ્રેયકારી છે,

---

૧ યુગ સમાન ૨ સર્વજ્ઞ. ૩ હાસ્યવાળુ ૪ મોહોટી છાતી.

તમ વિશે રહ્યા વૃત્તિ બાંધીને,
અગદ આપ છો રોગ હારીજે.　　૧૮

**વસંતતિલકાવૃત.**

**यत्ते सुजातचरणाम्बुरुहं स्तनेषु**
**भीताः शनैः प्रियदधीमहि कर्कशेषु**
**तेनाटवीमटसि तद्व्यथते न किंस्वि-**
**त्कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥१९॥**

તારા [1]સુરમ્ય પદ પદ્મ સદૈવ બ્હીતા,
ધીમે ધીમે [2]કુચપરે ધરતા,
પીડિત કઠીન [3]કકર વનો મહીં આથડે છે,
હે નાથ દાસ જનના મનડા ભ્રમે છે.　　૧૯

# इति श्रीगुर्जरभाषायां समश्लोकी गोपीगीतं सम्पूर्णम्.

**भा. स्कं. १०, अ. ३१.**

તા ૨—૫—૧૩
સ ૧૯૬૯ના ચૈતર
વદિ ૧૧ ગુરૂવાર

**લી દા દા હરિદાસ ઝવેરદાસના**

દીનતાપૂર્વક ભગવદ્દ્સ્મરણ વાંચશો.

---

૧ સુકોમળ　૨ છાતી ઉપર　૩ કાંકરા

॥ श्रीकृष्णाय नम

# સર્વે ગોસ્વામિ બાળકોના આશ્રય હેઠળ ચાલતી આવેલી જુનામાં જુની શ્રીરાધાકૃષ્ણ મુકુટશૃંગાર

( સ્થાપિત સને ૧૮૫૫ )

હમારે ત્યાં સમય સમયના તથા દરેક ઋતુને અનુસરતા સાચી જરીના શ્રી ઠાકોરજીના મુગટો સર્વે શણગાર તથા આભુષણો બને છે તેમજ શુદ્ધ અત્તર અગરજા, ચુવાચંદન, તુળશીની માળાઓ, કંઠી, ચાંદીના તથા લાકડાના તરેહ તરેહના રમકડા રેશમી પવિત્રા શ્રી ઠાકોરજીની તથા શ્રીગોસ્વામિ બાળકોની છબીઓ તથા વૈષ્ણવ સંપ્રદાયના પુસ્તકો વીગેરે વૈષ્ણવોપયોગી ઘણીજ તની પવિત્ર ચીજો



આ કાર્યાલયમા મળે છે અને એ બાબત ઘણા ગોસ્વામિ બાલકોના તથા ભગવત્કૃપા માત્ર વૈષ્ણવોના પ્રમાણપત્રો અમોને મળેલા છે માટે બધા વૈષ્ણવ ભાઇઓને અરજ કરવામા આવે છે કે શ્રીઠાકોરજીના પવિત્ર શણગાર માટે અમારા કાર્યાલયની મુલાકાત લેવી અગર પત્ર વેહેવાર કરશો તેમજ ઉપરની ચીજો અમને ઓર્ડર મળેથી વખતસર તથા વ્યાજબી ભાવે વી

પી થી મોકલી આપીશું

અમદાવાદ
શ્રીનટવરલાલજીના મંદીર પાસે
ડોશીવાડાની પોળમા

**નારણદાસ કાશીદાસ**
મુકટવાળા.

# અખંડ ભૂમંડલાચાર્યવર્ય શ્રીમદ વલ્લભાચાર્ય પ્રતિપાદિત સનાતન શુદ્ધાદ્વૈત સમ્પ્રદાયના પ્રમાણુ અને સિદ્ધાન્તો.

वेदाःश्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषाव्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥ १ ॥

વેદ વાક્ય શ્રીકૃષ્ણના, વ્યાસ સૂત્ર કહેવાય,
સમાધિભાષા વ્યાસની, ચાર પ્રમાણુ ગણાય

" एकं शास्त्रं देवकीपुत्रगीतम् ।
एको देवो देवकी पुत्र एव ॥
मंत्रोप्येकं तस्य नामानि यानि ।
कर्माप्येकं तस्य देवस्य सेवा ॥२॥ "

સોરઠો

" ગીતા આગમ એક, એક દેવ દેવકિતનય;
નામો મંત્ર વિવેક, કર્મ એક તે પ્રભુભજન. "

# જાહેર ખબર

| | ન્યોછાવર, | પોસ્ટેજ. |
|---|---|---|
| ૧. શ્રીસર્વોત્તમસ્તોત્ર સટીક .... .... | [illegible] | ૦-૦-૬ |
| ૨. શ્રીગોકુલનાથજીકૃત વચનામૃત, .... | ૦-૪-૦ | ૦-૦-૬ |
| ૩. રસિક પ્રીત પદ સંગ્રહ .... .... | ૦-૮-૦ | ૦-૨-૦ |
| ૪. શ્રીઅષ્ટાક્ષર નિરૂપણ તથા શ્રીકૃષ્ણાશ્રય અને ગોપીગીત સમશ્લોકી. .... | ૦-૨-૦ | ૦-૦-૬ |
| ૫. સ્વધર્મ બોધક ગ્રંથ ( શ્રીયદુનાથજી મહારાજ કૃત, સુરત.) .... .... | ૦-૩-૦ | ૦-૦-૬ |
| ૬. સ્વધર્મવર્ધક અને સંશયછેદક પુસ્તક ૧ લું | ૦-૨-૦ | ૦-૦-૬ |
| ૭. ,, ,, પુસ્તક ૨ જું તથા ૩ જું. | ૦-૪-૦ | ૦-૦-૬ |
| ૮. ,, ,, પુ. ૪ થું અને શ્રીયમુનાષ્ટક સટીક | ૦-૪-૦ | ૦-૦-૬ |
| ૯. ,, ,, પુ. ૫ મું અને શ્રીબાળબોધ સટીક | ૦-૪-૦ | ૦-૦-૬ |
| ૧૦. ,, ,, પુ. ૬-૭-૮-૯ મું અને સિદ્ધાન્તમુક્તાવલિ સટીક .... .... | ૦-૮-૦ | ૦-૧-૦ |
| ૧૧. ,, ,, પુ. ૧૦ મું અને ભાવપ્રસંગસાર. | ૦-૪-૦ | ૦-૦-૬ |
| ૧૨. શ્રીવલ્લભાખ્યાન તથા મૂળ પુરૂષ.... | ૦-૩-૦ | ૦-૦-૬ |

હાલ ઉપર બતાવેલાં પુસ્તકો ને ત્યાર પછી નવાં છપાતાં મળશે તે, ઠે. દાકતર વૈષ્ણવ ધાર્મીક પુસ્તકશાળા, ચોકબજાર

ટપાલ ખર્ચ સાથે રૂ. ૨-૮-૦

તાની શક્તિ પ્રમાણે ભરે છે તે

આવે છે. ગરીબથી તે તવંગર વૈ     જદસ્તુ પુસ્તકોનો લાભ

એક સરખી રીતે લઈ શકે તે માટે ફંડમાં ભરવાની રકમ

જુજ રાખી છે માટે શ્રીમંત વૈષ્ણવો હવે આવો અલૌકિક

અલભ્ય લાભ અચિંત રીતે પોતાની યોગ્યતા પ્રમાણે રકમ

ભરી, લેવા ચૂકશે નહીં. વી. પી. થી મંગાવનારને એક આને

જુદો લાગશે.

ઉપર પૈકી એક જાતની ૧૦) નકલો લેનારને એ

પુસ્તક ભેટ દાખલ આપવામા આવશે.

નોટપેડ કાગળ લેવામાં આવશે નહી, જવાબ મ..ટે

ટિકિટ બીડવી.

| | |
|---|---|
| સવત ૧૯૬૯ના ચૈતર<br>વદિ ૧૧ ને શુક્રવાર.<br>તા. ૧-૫-૧૯૧૩<br>ઠે જેઠાભાઇની પોળ,<br>ખાડીયા-અમદાવાદ. | **વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.**<br>" શ્રીસર્વોત્તમસ્તોત્ર પ્રકાશક. " |

---

તા. ક.—કેટલાક વૈષ્ણવો પાછળથી મેમ્બર થઇ અમારી પાસે પ્રથમના નિકળેલા પુસ્તકો સીલકમા નહીં હોવા છતા માગે છે તે ઘણુ જ શોચનીય અને ગેરવ્યાજબી છે. વહેલો તે પહેલો.

*પુસ્તકોનુ વજન વધી પડવાથી ટપાલ ખર્ચના આઠ આના રાખવામા આવ્યા છે. વી પી નો એક આનો જુદો.